# ભારત સરકાર

## પેય જળ અને સ્વચ્છતા મંત્રાલય

सत्यमेव जयते

## નિર્મળ ભારત અભિયાન

## સફાઈમાં ભલાઈ

# નિર્મળ ભારત અભિયાન
# સફાઈમાં ભલાઈ

## વિષય સૂચિ


| પ્રકરણ નં. | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧. | પૂર્વભૂમિકા | ૧ |
| ૨. | ઉદ્દેશ | |
| ૩. | વ્યૂહ | |
| ૪. | અમલ | |
| ૫. | નિર્મળ ભારત અભિયાનના ભાગ | |
| | ૫.૧ શરૂ કરવાની પ્રવૃતિઓ | |
| | ૫.૨ માહિતી, શિક્ષણ સંદેશાવ્યવહારની પ્રવૃતિઓ | |
| | ૫.૩ શકિત નિર્માણ | |
| | ૫.૪ વ્યકિતગત કુટુંબ માટે જાજરૂનું બાંધકામ | |
| | ૫.૫ ગ્રામિણ સ્વચ્છતા માર્ટ અને ઉત્પાદન કેન્દ્રો | |
| | ૫.૬ જિલ્લામાં ફરતા ફંડની જોગવાઈ | |
| | ૫.૭ સામૂહિક સ્વચ્છતા સંકુલ | |
| | ૫.૮ સંસ્થાકીય ટોઈલેટ | |
| | ૫.૯ ઘન અને પ્રવાહી બગાડની વ્યવસ્થા | |
| | ૫.૧૦ નિર્મળ ભારત અભિયાન હેઠળ ઉભી કરેલી સગવડોનો નિભાવ | |
| | ૫.૧૧ વહીવટી ખર્ચા | |
| ૬. | રાષ્ટ્રીય યોજના મંજુર કરનાર સમિતિ | |

| | | |
|---|---|---|
| ૭. | અમલકર્તા એજન્સીઓ | |
| ૮. | પંચાયતી રાજ સંસ્થાઓની ભૂમિકા | |
| ૯. | બિન–સરકારી સંસ્થાઓની ભૂમિકા | |
| ૧૦. | કોર્પોરેટ સંસ્થાઓની ભૂમિકા | |
| ૧૧. | પ્રોજેક્ટ માટે નાણાં – જોગવાઈ | |
| ૧૨. | વાર્ષિક અમલ યોજના | |
| ૧૩. | નાણાં છુટાં કરવા | |
| | ૧૩.૧ કેન્દ્રમાંથી રાજય કક્ષાની અમલ સંસ્થાઓને નાણાં છુટા કરવા | |
| | ૧૩.૨ રાજય કક્ષાથી જિલ્લા કક્ષાએ નાણાં છુટા કરવા | |
| ૧૪. | નિર્મળ ભારત અભિયાન નીચે છુટાં કરેલાં નાણાં પર પ્રાપ્ત થયેલું વ્યાજ | |
| ૧૫. | નિરીક્ષણ | |
| ૧૬. | રાજય સમિક્ષા મિશન | |
| ૧૭. | સામાજીક ઓડિટ | |
| | ૧૭.૧ ભૂમિકા | |
| | ૧૭.૨ સ્વચ્છતા દિવસ | |
| | ૧૭.૩ ગ્રામ સ્વચ્છતા સભા **(GSS)** | |
| ૧૮. | પ્રોજેકટમાં સુધારણા | |
| ૧૯. | અહેવાલ | |
| ૨૦. | મુલ્યાંકન | |
| ૨૧. | સંશોધન | |

| | | |
|---|---|---|
| ૨૨. | વાર્ષિક ઓડિટ | |
| ૨૩. | પ્રોજેક્ટ પૂરો કરવો | |
| | જોડાણ | |

| | વિગત | પાના નંબર ૧૬ |
|---|---|---|
| **AIP** | વાર્ષિક અમલ યોજના | |
| **APL** | ગરીબી રેખા ઉપર | |
| **ASHA** | માન્ય સામાજિક આરોગ્ય કાર્યકર | |
| **B.P.L** | ગરીબી રેખા નીચે | |
| **CBO** | સમુદાય આધારીત સંસ્થા | |
| **CCDU** | માહિતીસંચાર અને શકિત વિકાસ એકમ | |
| **CRSP** | કેન્દ્રીય ગ્રામીણ સ્વચ્છાતા કાર્યક્રમ | |
| **CSC** | સમુદાય સ્વચ્છતા સંકુલ | |
| **CSR** | કોર્પોરેટ સામાજિક જવાબદારી | |
| **DWSC** | જિલ્લા પાણી અને સ્વચ્છતા સમિતિ | |
| **DWSM** | જિલ્લા  પાણી અને સ્વચ્છતા મિશન | |
| **GSS** | ગ્રામ સ્વચ્છતા સભા | |
| **HRD** | માનવ સંસાધન વિકાસ | |
| **IAY** | ઈન્દિરા આવાસ યોજના | |
| **ICDS** | સંકલિત બાળ વિકાસ યોજના | |
| **IEC** | માહિતી, શિક્ષણ અને માહિતીસંચાર | |
| **IHHL** | વ્યકિતગત કુટુંબ માટે જાજરૂ | |
| **IPC** | આંતર વ્યકિતગત માહિતીસંચાર | |

| | | |
|---|---|---|
| **MLA – LADS** | વિધાનસભા– સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના | |
| **MP- LADS** | સંસદ સભ્યો – સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના | |
| **MIS** | વ્યવસ્થા માહિતી પધ્ધતિ | |
| **NBA** | નિર્મળ ભારત અભિયાન | |
| **NGO** | બિન – સરકારી સંસ્થા | |
| **NGP** | નિર્મળ ગ્રામ પુરસ્કાર | |
| **NRHM** | રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન | |
| **NSSC** | રાષ્ટ્રીય યોજના મંજુરી સમિતિ | |
| **PAC** | યોજના મંજુર સમિતિ | |
| **PC** | ઉત્પાદન કેન્દ્ર | |
| **PHEC** | જાહેર આરોગ્ય ઈજનેરી ખાતું | |
| **PRI** | પંચાયતી રાજ સંસ્થાઓ | |
| **RSM** | ગ્રામીણ સ્વચ્છતા માર્ટ | |
| **SHC** | સ્વ – સહાય જુથ | |
| **SLWM** | ઘન અને પ્રવાહી બગાડ વ્યવસ્થા | |
| **SSA** | સર્વ શિક્ષા અભિયાન | |
| **SSSC** | રાજય યોજના મંજુરી સમિતિ | |
| **SSHE** | શાળા સ્વચ્છતા અને સ્વાસ્થ્ય શિક્ષણ | |
| **SWSM** | રાજય પાણી અને સ્વચ્છતા મિશન | |
| **TSC** | સંપૂર્ણ સ્વચ્છતા ઝુંબેશ | |
| **VWSC** | ગ્રામ પાણી અને સ્વચ્છતા સમિતિ | |
| **WSSO** | પાણી અને સ્વચ્છતા સહાય સંસ્થા | |

## (૧) પૂર્વભૂમિકા

૧.૧ વ્યકિતગત આરોગ્ય અને સ્વાસ્થ્ય મહદ્દંશે પીવાના પાણીની પૂરતી ઉપલભ્યતા અને યોગ્ય સ્વચ્છતા પર આધારીત છે. તેથી પાણી સ્વચ્છતા અને આરોગ્ય વચ્ચે સીધો સંબંધ છે. પીવાના અશુધ્ધ પાણીનો ઉપયોગ, માનવ મળમૂત્રનો અયોગ્ય નિકાલ પર્યાવરણીય સ્વચ્છતા અયોગ્ય હોવી અને અંગત અને ખોરાક સ્વાસ્થ્યનો અભાવ વિકસતા દેશોમાં ઘણા રોગનાં મુખ્ય કારણ છે. મુખ્યત્વે ગ્રામજનોના જીવનની ગુણવતા સુધારવા તેમજ સ્ત્રીઓને ખાનગીપણું અને પ્રતિષ્ઠા પુરી પાડવાના ઉદ્દેશથી સરકારે કેન્દ્રીય ગ્રામિણ સ્વચ્છતા કાર્યક્રમ (CRSD) ૧૯૮૬ માં શરૂ કર્યો.

૧.૨ અંગત સ્વાસ્થ્ય, ઘરની સ્વચ્છતા, શુદ્ધ પાણી કચરાનો નિકાલ, મળમૂત્રનો નિકાલ અને ગંદા પાણીના નિકાલનો સમાવેશ કરવા સ્વચ્છતાની ખ્યાલ વિસ્તારવામાં આવ્યો હતો. સ્વચ્છતાની આ વ્યાપક ખ્યાલ સાથે, કેન્દ્રીય ગ્રામિણ સ્વચ્છતા કાર્યક્રમે ૧૯૯૯ થી " સપૂર્ણ સ્વચ્છતા ઝુંબેશ " ના નામથી માંગ આધારીત અભિગમ અપનાવ્યો. સુધારેલા અભિગમે ગ્રામજનોમાં જાગૃતિ વધારવા અને સ્વચ્છતા સગવડની માંગ ઉભી કરવા માહિતી, શિક્ષણ અને સંદેશાવ્યવહાર, માનવ સંસાધન વિકાસ, શકિત વિકાસ પ્રવૃતિઓ પર વધારે ભાર મૂકયો.

લોકોની આર્થિક સ્થિતિ અનુસાર વૈકલ્પિક ડિલિવરી મિકેનિઝમ મારફત આનાથી વધારે યોગ્ય વિકલ્પ પસંદ કરવાની લોકોની શકિત વધી. સમુદાયની દોરવણી અને લોકોમાં કેન્દ્રીય પહેલવૃતિ પર ભાર મૂકીને આ કાર્યક્રમનો અમલ કરવામાં આવ્યો.

તેમની સિદ્ધિઓને માન્ય રાખીને વ્યકિતગત કુટુંબો માટે જાજરૂનાં બાંધકામ અને ઉપયોગ માટે ગરીબી રેખા નીચેનાં કુટુંબોને નાણાંકીય પ્રોત્સાહન પુરું પાડવામાં આવ્યું. શાળા ટોઈલેટ એકમો, આંગણવાડી ટોઈલેટ અને સમુદાય સ્વચ્છતા સંકુલ બાંધવા માટે અને ઘન પ્રવાહી બગાડ વ્યવસ્થા (SLWM) હેઠળ પ્રવૃતિઓ હાથ ધરવા માટે પણ સહાય આપવામાં આવી હતી.

૧.૩ સંપૂર્ણ સ્વચ્છતા ઝુંબેશને વેગ આપવા, ભારત સરકારે, સંપૂર્ણ સ્વચ્છતાને આવરી લેવામાં મળેલી સિદ્ધિ અને પ્રયત્નો માન્ય રાખવા માટે ભારત સરકારે નિર્મળ ગ્રામ પુરસ્કાર (NGP) પણ શરૂ કર્યો છે. આ એવોર્ડ ખૂબ લોકપ્રિયતા પ્રાપ્ત કરી અને નિર્મળનો દરજ્જો મેળવવા માટે અને તેનાથી દેશના ગ્રામિણ વિસ્તારોમાં સ્વચ્છતાનું પ્રમાણ વધારવા માટે નોંધપાત્ર ઉમેરો કર્યો છે.

૧.૪ નિર્મળ ગ્રામ પુરસ્કારની સફળતાથી પ્રોત્સાહન મળતાં સંપૂર્ણ સ્વચ્છતા ઝુંબેશને નિર્મળ ભારત અભિયાન નામ આપ્યુ છે. આનો ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતાને આવરી લેવામાં ઝડપ લાવવાનો છે. જેથી ગ્રામિણ સમુદાયને રિન્યુ કરેલા વ્યૂહ અને સતૃપ્તિ અભિગમ મારફત સર્વગ્રાહી રીતે આવરી લઈ શકાય.

નિર્મળ ભારત અભિયાનમાં નીચેની અગ્રતાઓ સાથે નિર્મળ ગ્રામ પંચાયતો ઉભી કરવા સંતૃપ્ત પરીણામ માટે સમગ્ર સમુદાયને આવરી લેવાનું વિચાર્યુ છે.

❖ ગરીબી રેખા નીચેનાં અને મુકરર કરેલા ગરીબી રેખા ઉપરનાં કુટુંબો માટે ગ્રામ પંચાયતની અંદર વ્યકિતગત કુટુંબ જાજરૂની જોગવાઈ.

❖ જે ગ્રામ પંચાયતોની અંદર બધા વસવાટને લેવાનું પાણી ઉપલબ્ધ હોય ત્યાં, જે ગ્રામ પંચાયતમાં કામ આપતી પાઈપ લાઈન મારફત પાણી પુરવઠાની સગવડ હોય તેને અગ્રતા આપવી.

❖ આ ગ્રામ પંચાયતોની અંદરનાં સરકારી મકાનોમાં સરકારી શાળાઓ અને આંગણવાડીઓમાં સ્વચ્છતા સગવડોની જોગવાઈ.

❖ સૂચિત અને હાલમાં નિર્મળ ગામ માટે ઘન અને પ્રવાહી કચરાની નિકાલ વ્યવસ્થા.

❖ પંચાયતી રાજ સંસ્થાઓ, ગ્રામ પાણી અને સ્વચ્છતા સમિતિઓ અને ટકાઉ સ્વચ્છતા માટે ક્ષેત્ર કર્મચારીઓ જેવા હિતાધિકારીઓની વિસ્તૃત શકિત નિર્માણ.

❖ કુશળ માનવદિન અને અકુશળ માનવદિનવાળા મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર બાંહેધરી યોજના સાથે યોગ્ય કેન્દ્રીયતા.

## (૨) ઉદ્દેશો.

૨.૧ નિર્મળ ભારત અભિયાનના મુખ્ય ઉદ્દેશ નીચે મુજબ છે :

(ક) ગ્રામિણ વિસ્તારોમાં જીવનની સામાન્ય ગુણવતામાં સુધારો આણવો;

(ખ) દેશની બધી ગ્રામપંચાયતો નિર્મળનો દરજ્જો મેળવીને ૨૦૨૨ સુધીમાં નિર્મળ ભારતનો દરજ્જો પ્રાપ્ત કરવા ગ્રામિણ વિસ્તારોમાં સ્વચ્છતાના આવરણને ઝડપી બનાવવું;

(ગ) જાગૃતિ નિર્માણ અને આરોગ્ય શિક્ષણ મારફત ટકાઉ સ્વચ્છતા સગવડોને ઉત્તેજન આપીને સમુદાયો અને પંચાયતી રાજ સંસ્થાઓને પ્રેરણા આપવી.

(ઘ) ઈકોલોજિકલ જીવન અને ટકાઉ સ્વચ્છતા માટે પોશાય તેવી અને યોગ્ય પ્રોદ્યોગિકિને પ્રોત્સાહન આપવુ;

(ચ) સર્વ શિક્ષા અભિયાન નીચે આવરી ન લેવાયેલી શાળઓને આવરી લેવી, ગ્રામિણ વિસ્તારનાં આંગણવાડી કેન્દ્રોને યોગ્ય સ્વચ્છતા સગવડો આપવી અને યોગ્ય સ્વાસ્થ્ય સગવડો પૂરી પાડવી અને વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્ય શિક્ષણ અને સ્વચ્છતા સગવડોને સક્રિય પ્રોત્સાહન આપવું ;

(છ) ગ્રામિણ વિસ્તારોમાં સમગ્ર સ્વચ્છતા માટે ઘન અને પ્રવાહી બગાડ પર ધ્યાન કેન્દ્રીય કરીને સમુદાય ધ્વારા વ્યવસ્થા કરાતી પર્યાવરણીય સ્વચ્છતા પદ્ધતિઓ વિકસાવવી.

## (૩) વ્યૂહ

સમુદાય – પ્રરિત અને લોક કેન્દ્રીય વ્યૂહ અને સમુદાય સંતૃપ્તિ અભિગમ અપનાવીને ગ્રામીણ ભારતનું નિર્મળ ભારતમાં રૂપાંતર કરવાનો આ વ્યૂહ છે. મકાનો, શાળાઓમાં અને સ્વચ્છ વાતાવરણ માટે જાગૃતિ નિર્માણ અને માત્ર ઉભી કરવા પર ભાર મૂકીને " માગ – પ્રેરીત અભિગમ " ચાલુ રાખવાનો છે. સમુદાયની જરૂરીયાતોને પહોંચી વળવા માટે વૈકલ્પિક સોંપણી તંત્ર અપનાવવામાં આવશે. ગરીબોમાંય સૌથી ગરીબ કુટુંબબોને વ્યકિતગત કુટુંબ જાજરૂ એકમો માટે પ્રોત્સાહનની જોગવાઈ બીજાં જરૂરતમંદ કુટુંબોને આવરી લેવા વ્યાપક બનાવી છે, જેથી સમુદાયનું પરીણામ મેળવી શકાય. ગ્રામ પંચાયતમાં પાણીની ઉપલભ્યતા ઉભી કરેલી સ્વચ્છતા સગવડો ટકાવી રાખવા માટે મહત્વનું પરિબળ બનશે. ગ્રામજનો ના સ્વચ્છતાના વધુ વ્યાપક સ્વીકાર માટે ગ્રામિણ શાળા સ્વચ્છતા મુખ્ય ઘટક અને પ્રવેશ બિંદુ બની રહે છે. ગ્રાહકની પસંદગીને અને સ્થળની વિશિષ્ટ જરૂરીયાતોને પહોંચી વળવા વ્યાપક પ્રોદ્યોગિકી વિકલ્પો પૂરા પાડવામાં આવી રહયા છે. સઘન માહિતી શિક્ષણ સંચાર ઝુંબેશ કાર્યક્રમનો સીમાસ્થંભ છે. તે પંચાયતી રાજ સંસ્થાઓ, સહકારી મંડળીઓ, આશા, આંગણવાડી કાર્યકરો, મહિલા જૂથ, સ્વસહાય જૂથ, બિન – સરકારી સંસ્થાઓ વગેરેને તેમાં સામેલ કરે છે. કોર્પોરેટ ગૃહોને સામેલ કરવાનો માર્ગ– નકશો દાખલ કરાવઈ રહયો છે. નિર્મળ ભારત અભિયાનની અમલ પ્રક્રિયામાં સામાજિક ઓડિટ અને સક્રિય લોકોનો સહયોગનો સમાવેશ કરતી વધારે પારદર્શક પધ્ધતિ દાખલ કરવામાં આવી રહી છે પોતાની સ્વચ્છતા સગવડો ઉભી કરવા માટે નાણાં ઉપલભ્ય કરવા ગ્રામિણ કુટુંબોને સગવડ આપવા માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર યોજના સાથે કેન્દ્રીયતા પણ મહત્વની બની રહેશે.

## (૪) અમલ :

૪.૧ નિર્મળ ભારત અભિયાનની માર્ગદર્શક સૂચનાઓ અને તેની નીચેની જોગવાઈઓ તા.૦૧/૦૪/૨૦૧૨ થી લાગુ પડે છે. નિર્મળ ભારત અભિયાનના અમલને પાયાના એકમ તરીકે "ગ્રામ પંચાયત" સાથે વિચાર્યો છે. જિલ્લામાંથી ઉદ્ભવતી પ્રોજેકટની દરખાસ્તને રાજય સરકારે ચકાસી છે, એકત્રિત કરી છે , અને રાજય યોજના તરીકે ભારત સરકારના પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલયને મોકલવામાં આવી છે. શરૂ કરવાની પ્રવૃતિઓ સાથે નિર્મળ ભારત અભિયાનનો તબકકામાં અમલ થાય છે. પ્રારંભિક માહિતી શિક્ષણ સંચારના કામ માટે નાણાં પણ મેળવવાનાં છે. જે જરૂરીયાતો લાગે તેને સંતોષવા માટે ભૌતિક અમલનું સંસ્કરણ કરવાનું છે. જયારે વ્યકિતગત કુટુંબ તેમનાં કુટુંબનાં જાજરૂ માટે સંખ્યાબંધ વિકલ્પોમાંથી પસંદ કરે છે. વિકલ્પોમાં અંતર્ગત પરિવર્તન શીલતા તેમની જરૂરીયાતો અને નાણાંકીય સ્થિતિના આધારે પછીની કક્ષા ઉચી લાવવાની તક ગરીબ અને વંચિત કુટુંબોને પૂરી પાડે છે. ઝુંબેશ અભિગમમાં સરકારી એજન્સીઓ અને બીજા હિતાધિકારીઓ વચ્ચે વિધેયાત્મક આંતરક્રિયા જરૂરી છે. પ્રસ્તૃત સ્વચ્છતા પધ્ધતિઓ, સઘન માહિતી, શિક્ષણ સંચાર અને હિમાયત માટે બિન– સરકારી સંસ્થાઓ/ પંચાયતી રાજ સંસ્થાઓ/ સંસાધન સગઠનો માટે વર્તનમાં ઈચ્છિત ફેરફાર લાવવાનું વિચારાયું છે.

૪.૨ નિર્મળ ભારત અભિયાનનો પ્રોજેકટ તરીકે જિલ્લા સાથે અમલ થાય છે. રાજયો / સંઘ પ્રદેશો બધા જિલ્લા માટે નિર્મળ ભારત અભિયાન તૈયાર કરે / સુધારે, રાજય કક્ષાએ એકત્રીકરણ કરે અને ભારત સરકાર સમક્ષ રજૂ કરે એવી અપેક્ષા છે.

## (૫) નિર્મળ ભારત અભિયાનના અમલ માટે કાર્યક્રમનાં ઘટકો અને પ્રવૃતિઓ નીચે મુજબ છે :

**૫.૧ શરૂઆતની પ્રવૃતિઓ :**

૫.૧:૧ શરૂઆતની પ્રવૃતિઓમાં નીચેનાનો સામવેશ થાય છે.

(ક) સ્વચ્છતા અને સ્વાસ્થ્ય પ્રથાઓની સ્થિતિ આકારવા માટે પ્રારંભિક મોજણી હાથ ધરવી ;

(ખ) આધાર રેખા મોજણી ;

(ગ) જિલ્લા/ ગ્રામ પંચાયત કક્ષાએ મહત્વના કર્મચારી વર્ગનું સંસ્કરણ ;

(ઘ) રાજય યોજના તૈયાર કરવી ;

શરૂ કરવાની પ્રવૃતિઓનું રૂા. ૧૦.૦૦ લાખ સુધીનું ખર્ચ માહિતી શિક્ષણ સંચારનાં નાણાંમાથી મેળવવામાં આવશે. કોઈ વધારાનાં નાણાં જરૂરી હોય, તો રાજય તે મેળવશે.

**૫.૨ માહિતી, શિક્ષણ અને સંચાર પ્રવૃતિઓ :**

૫.૨:૧ માહિતી, શિક્ષણ અને સંચાર આ કાર્યક્રમના મહત્વના ઘટકો છે. આ ઘટકો વર્તનવિષયક ફેરફાર કરીને કુટુંબ, શાળાઓ, આંગણવાડી અને સામૂહિક સ્વચ્છતા સંકુલ મારફત ગ્રામિણ વિસ્તારોમાં સ્વચ્છતા સગવડો માટે માગ ઉભી કરવા માગે છે. આ ઘટકો નીચે કરેલી પ્રવૃતિઓ વિસ્તાર વિશિષ્ટ હોવી જોઈએ અને તેમાં ગ્રામિણ વસ્તીના બધા વિભાગોને લેવા જોઈએ માહિતી, શિક્ષણ સંચાર એક સમયની પ્રવૃતિ નથી. માહિતી, શિક્ષણ અને સંચાર વ્યૂહ અને યોજના બાંધકામ તરફ લઈ જતી માગ ઉભી કરવાનો અને નિરંતર રીતે ઉપયોગનો સમાવેશ કરવા આકારવાની છે. માહિતી, શિક્ષણ અને સંચારનો તમામ સ્તરોમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયતમાં ઉપયોગ કરવો.

૫.૨:૨ આંતર અંગત સંચાર પર છેક નીચેની કક્ષાએ ભાર મૂકીને ભારત સરકારે રાષ્ટ્રીય સંચાર વ્યૂહ માળખું વિકસાવ્યું છે. લોક માધ્યમ, સમૂહ માધ્યમ તેમજ ભીત પર પેઈન્ટીગ, હોર્ડિંગ વગેરે જેવાં બહારનાં માધ્યમોનો ઉપયોગ કરીને રાજ્યોએ તેમનો પોતાનો વ્યૂહુ વિકસાવવાનાં છે. માહિતી શિક્ષણ અને સંચાર આરોગ્ય અને સ્વાસ્થ્ય પ્રથાઓ અને પર્યાવરણીય સ્વચ્છતા પાસાં પર ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે.

૫.૨ :૩ (ચિત્ર ) કાર્યક્રમના લક્ષ્યાંક પ્રાપ્ત કરવા માટે આંતર અંગર સંચાર અને ઘેર– ઘેર ફરીને કરેલા સંપર્કને મહત્વનાં સાધન ગણવામાં આવે છે. ગ્રામ કક્ષાએ સહયોગી સામાજિક એકત્રીકરણ સાથે સંચારતંત્ર મજબૂત બનાવવા માટે ગ્રામ કક્ષાના પ્રેરક (સ્વચ્છતા દુત) રોકવા માટેની માર્ગદર્શક સૂચનાઓ અલગ બહાર પાડવામાં આવે છે.

આ વ્યૂહુના ભાગ તરીકે સ્વચ્છતા દૂત ઉપરાંત ભારત નિર્માણ સ્વયંસેવકો, આશા, આંગણવાડી કાર્યકરો, શાળાના શિક્ષકો, જેવા ક્ષેત્ર કર્મચરીઓને માગ ઉભી કરવા અને વર્તન વિષયક ફેરફાર સંચાર હાથ ધરવા માટે રોકી શકાય. પ્રેરકને માહિતી શિક્ષણ સંચાર માટે અંકિત કરેલાં નાણાંકીય યોગ્ય પ્રોત્સાહન આપી શકાય. પ્રોત્સાહનનો આધાર કામગીરી પર રહેશે એટલે કે, જાજરૂ બાંધવા અને તેનો ઉપયોગ કરવા માટે કેટલાં કુટુંબો અને શાળાઓ/ આંગણવાડીને પ્રેરણા આપવાની રહેશે.

૫.૨ :૪ સમાજના બધા વિભાગોને પહોંચવા માટે સુવ્યાખ્યાચિત વ્યૂહ સાથે વિસ્તૃત માહિતી શિક્ષણ અને સંચાર યોજના તેમજ વાર્ષિક કાર્યયોજના દરેક પ્રોજેકટ જિલ્લો કરશે. આવા સંદેશાવ્યવહાર યોજનાનો હેતુ જીવનની પધ્ધતિ તરીકે ગ્રામજનોને સ્વાસ્થ્ય વર્તન અપનાવવા પ્રેરણા આપવાનો સગવડો જાળવવાનો છે. વાર્ષિક માહિતી, શિક્ષણ અને

સંદેશાવ્યવહાર કાર્યયોજના જિલ્લા પાણી અને સ્વચ્છતા મિશન/ સમિતિએ યોગ્ય રીતે મંજૂર કરેલી હોવી જોઈએ. રાજય કક્ષાએ રચાતા સંદેશાવ્યવહાર અને શકિત વિકાસ એકમો (CCDU) / પાણી અને સ્વચ્છતા સહાય સગવડોએ સારી આઈઈસી યોજના વિકસાવવામાં અને તેનો અમલ કરવામાં મદદ કરવી જોઈએ. સ્વચ્છતા દિવસ / સ્વચ્છતા સપ્તાહ / સ્વચ્છતા પખવાડિયું ઉજવવાનું વાર્ષિક કાર્યયોજનાનો આવશ્યક ઘટક છે.

૫.૨ :૫ આઈઈસી સામગ્રીના અસરકારક ફેલાવા માટે કામ કરવા માટે તાલુકા અને ગ્રામ પંચાયત માટે આ ઘટક નીચે નાણાંની જોગવાઈ પણ કરવી આંતર–અંગત સંદેશાવ્યવહાર, પ્રેરક પસંદ કરવા, ભીંત પર પેઈન્ટીગ, શેરી નાટકો વગેરે માટે સ્થાનિક બિન– સરકારી સંસ્થાઓ રોકીને તેઓ આવી પ્રવૃતિઓ હાથ ધરી શકે. પંચાયતે અમલમાં મુકેલી આવી સામગ્રીનાં વિકાસને જિલ્લા અથવા સંદેશાવ્યવહાર શકિત વિકાસ એકમ ધોરણસર બનાવશે.

૫.૨:૬ આઈઈસી નાણાંનું વ્યાપક રીતે "નિર્મળ" અગાઉ અને "નિર્મળ" પછી એમ વિભાજન કરવુ, જેથી ઝુંબેશ ટકાવી રાખવા માટે નાણાં મેળવી શકાય. તેમ છતાં પ્રોજેકટ જિલ્લા, આધારેખા મોજણી અહેવાલ પર આધાર રાખીને અને સ્વચ્છતા આવરણના ઝડપના દરના આધારે અને વિભાગ નકકી કરવાની પરિવર્તનશીલતા રહેશે.

૫.૨:૮ આઈઈસીની નાણાં જોગવાઈ ભારત સરકાર અને રાજય સરકારો વચ્ચે ૮૦ : ૨૦ ના ગુણોત્તરમાં રહેશે, જયારે શરૂ કરવાની ગ્રાન્ટ સહિત કુલ આઈઈસી ખર્ચ કુલ પ્રોજેકટ ખર્ચના ૧૫ % ટકા સુધી મર્યાદિત રહેશે.

<u>૫.૩</u> <u>શકિત નિર્માણ :</u>

૫.૩ :૧ ગ્રામ પાણી સ્વચ્છતા સમિતીના અને પંચાયતી રાજ સંસ્થાઓના સભ્યો, તાલુકા અને જિલ્લા કક્ષાના કર્મચારીઓ અને "આશા" અને આંગણવાડી કાર્યકરો જેવા છેક નીચેના સ્તરે કામ કરતા કાર્યકરોની તાલીમ માટે આ ઘટક છે. સ્વ–સહાય જૂથોને કડિયા કામ, ઈટો બનાવવી, ટોઈલેટનાં પાન બનાવવા, પ્લમ્બિંગ કામ વગેરે જેવા વ્યવસાયમાં

તાલીમ આપી શકાય તેમજ જાગૃતિ નિર્માણ કરે તેવી પ્રવૃતિઓમાં તાલીમ આપી શકાય. પ્રતિષ્ઠિત બિન – સરકારી સંસ્થાઓ/ સમુદાય આધારીત સંસ્થાઓને આ પ્રવૃતિ માટે રોકી શકાય આવી તાલીમ યોજના માટે રાજય સંશોધન કેન્દ્રો અને પ્રાદેશિક જિલ્લા સંસાધન કેન્દ્રોને મુકરર કરવાં.

૫.૩ :૨ ભારત સરકાર અને રાજય સરકારો વચ્ચે શકિતનિર્માણનાં નાણાંની જોગવાઈ ૮૦ : ૨૦ ના ગુણોત્તરમાં રહેશે. અને તે આઈઈસી અંદાજીતના ૨ (બે) ટકા સુધી મર્યાદિત રહેશે.

<u>૫.૪</u> <u>વ્યકિતગત કુટુંબ જાજરૂ :</u>

૫.૪ :૧ યોગ્ય રીતે પૂરા કરેલ કુટુંબના સ્વચ્છતા જાજરૂ અધિસંરચના (Sujer structure) સહિત ટોઈલેટ એકમના બનેલા રહેશે. આ કાર્યક્રમનો હેતુ તમામ ગ્રામીણ કુટુંબને આવરી લેવાનો છે. આ યોજના હેઠળ અપાતાં પ્રોત્સાહન ગરીબી રેખા નીચેનાં અને ગરીબી રેખા ઉપરનાં તમામ કુટુંબો સુધી લંબાવી શકાય. તે અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત આદિજાતિઓ, નાના અને સીમાંત ખેડૂતો, ઘરખોરડાંવાળા ભૂમિહીત મજૂરો, વિકલાંગ અને સ્ત્રી જેવા વડા, તરીકે હોય તેવાં કુટુંબ, કુટુંબ ટોઈલેટનું બાધકામ ખુદ કુટુંબ હાથ ધરવું જોઈએ અને ટોઈલેટ પૂરું થતાં અને તેનો ઉપયોગ થતાં, તેની સિધ્ધની માન્યતા માટે તે કુટુંબને રોકડ પ્રોત્સાહન આપી શકાય.

૫.૪ : ૨ વ્યકિતગત કુટુંબ જાજરૂનું એક એકમ બાંધવા માટે ગરીબી રેખા નીચેનાં કુટુંબ/ મુકરર કરેલા ગરીબી રેખા ઉપરનાને પ્રોત્સાહનની રકમ રૂા.૪૬૦૦/– (દુર્ગમ અને ડુંગરાળ વિસ્તારો) રહેશે. આમાંથી કેન્દ્રીય હિસ્સો રૂા.૩૨૦૦/– (દુર્ગમ અને ડુંગરાળ વિસ્તારો માટે રૂા. ૩૭૦૦/– ) રહેશે.

(ચિત્ર)

રાજય સરકારનો હિસ્સો રૂા.૧૪૦૦/- રહેશે. હિતાધિકારીનાં ન્યુનતમ હિસ્સો રૂા.૯૦૦/- રોકડ અથવા શ્રમના રૂપમાં રહેશે. તે જ અથવા તેનાથી ઉંચી કિંમતનાં કુટુંબનાં ટોઈલેટ માટે વધારે પ્રોત્સાહન પૂરું પાડવા તેમનાં પોતાનાં નાણાંમાથી રાજય સરકારોને પરિવર્તનશીલતાની છૂટ છે. કેન્દ્ર અને / અથવા રાજયની સહાયથી બંધાયેલાં બંધા મકાનોને અંતર્ગત ભાગ તરીકે યોગ્ય સ્વચ્છતા સગવડ અચૂક હોવી જોઈએ. ઈન્દીરા આવાસ યોજના અથવા બીજા કોઈ રાજય ગ્રામીણ આવાસ યોજના હેઠળના હિતાધિકારીઓએ બાંધલાં જે મકાનોમાં ટોઈલેટ ન હોય તે બધાં મકાનો નિર્મળ ભારત અભિયાન હેઠળનાં લક્ષ્યાંકિત જૂથો માટે સ્વચ્છતા સગવડો ઉભી કરવા માટે ઉપર મુજબ પ્રોત્સાહન માટે પાત્ર રહેશે.

૫.૪ : ૩ ઉપરનાં પ્રોત્સાહનથી આવરી ન લેવાયેલ ગરીબી રેખા ઉપરનાં કુટુંબો પ્રેરણા મેળવીને પોતાની મેળે કુટુંબ જાજરૂનું બાંધકામ હાથ ધરશે. માહિતી શિક્ષણ અને સંદેશાવ્યવહારની પ્રવૃતિઓ ગ્રામ પંચાયતનો બધાં કુટુંબોના સર્વગ્રાહી આવરણ નિરયવાદ પૂરું પાડશે. રોકડની તકલીફનો સામનો કરતાં ગરીબી રેખા ઉપરનાં કુટુંબ માર્ગદર્શક સૂચનાઓમાં આપેલી રૂપરેખા મુજબ ફરતું ફંડ મેળવશે.

૫.૪ :૪ ગ્રામિણ વિસ્તારોમાં ડોલ જાજરૂની પરવાનગી નથી. હાલનાં ડોલ જાજરૂનું સ્વચ્છતા જાજરૂમાં રૂપાતંર કરવું લક્ષ્યાંકિત હિતાધિકારીઓ માટે પ્રોત્સાહન માટે હિસ્સાની પધ્ધતિ વ્યકિતગત કુટુંબ જાજરૂના બાંધકામ માટે છે. તે જ રહેશે.

૫.૪ : ૫ ગ્રામિણ વિકાસ મંત્રાલયના તા.૦૭/૦૬/૨૦૦૨ ના જાહેરનામા નં. જે-૧૧૦૧૩/૦/૧/૨૦૧૧/એમજીએનઆર-ઈજએ(ભાગ-૪) આ માર્ગદર્શક સૂચનાઓના જોડાણ ૬ ના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના સાથે સંપૂર્ણ સ્વચ્છતા ઝુંબેશના કેન્દ્રીયતા અંગે છે.

## ૫.૫ ગ્રામીણ સ્વચ્છતા માર્ટ અને ઉત્પાદન કેન્દ્રો :

૫.૫ : ૧ ગ્રામીણ સ્વચ્છતા માર્ટ સ્વચ્છતા જાજરૂ , શોષખાડા અને કંમ્પોસ્ટ ખાડા, અળસિયાંનું ખાતર, વોશિંગ પ્લેટફોર્મ, પ્રમાણિત ઘરગથ્થું પાણી ફિલ્ટર અને અન્ય સ્વચ્છતા અને સ્વાસ્થ્ય અને જરૂરી સહાયક સામગ્રી માટે બહિર્દ્વાર છે. આરએસએમએ ખાતરી કરવી કે પેનની જાતો (સિરામિક, મોઝેઈક, હાઈડેન્સીટી પોલિથીલીન ફાઈબર ગ્લાસ) હિતાધિકારીઓની પસંદગી માટે ઉપલભ્ય છે. સ્વચ્છતા પેકેજના ભાગ તરીકે જરૂરી હોય તેવી વસ્તુઓ આરએસએમ પાસે ચોક્કસ હોવી જોઈએ. તે સામાજિક ઉદ્દેશ ધરાવતું વાણિજયક સાહસ છે. આરએસએમ હોવાનો મુખ્ય હેતુ, જુદા જુદા પ્રકારનાં જાજરૂ અને ચોખ્ખા વાતાવરણ માટે બીજી સ્વચ્છતા સગવડો બાંધવા માટે જરૂરી સામગ્રી, સેવાઓ અને માર્ગદર્શન પૂરાં પાડવાનો છે. ઉત્પાદન કેન્દ્રો ઓછાં ખર્ચાળ, પરવડી શકે તેવી સ્વચ્છતા સામગ્રી સ્વતંત્ર અથવા ગ્રામીણ સ્વચ્છતા માટેના ભાગ હોઈ શકે.

૫.૫ :૨ સ્વ – સહાય જૂથ / મહિલા સંગઠન / પંચાયતો બિન –સરકારી સંસ્થાઓ વગેરે ઉત્પાદન કેન્દ્રો / ગ્રામીણ સ્વચ્છતા માટે ખોલી અને ચલાવી શકશે. અસરકારક પુરવઠા શૃંખલા વિશ્ચિત કરવા માટે ખાનગી ઉદ્યોગ – સાહસિકોની સહાય મેળવી શકાશે.

૫.૫ :૩ જિલ્લા પાણી અને સ્વચ્છતા મિશન / સમિતિને ગ્રામીણ સ્વચ્છતા માટે / ઉત્પાદન કેન્દ્રો સાથે સમજૂતી યાદી હોવો જોઈએ અને આરએસએમ અને ઉત્પાદન કેન્દ્રો જરૂરીયાત મુજબ ઉત્પાદન યોજનાઓ સાથે હોય તેની ખાતરી કરવા વિકસાવેલી સંયુકત સુનિયંત્રણ પધ્ધતિ સાથે હોવી જોઈએ. ગ્રામીણ સ્વચ્છતા માટે તેથી પ્રોડકટનું ગુણવત્તા પ્રમાણપત્રની પધ્ધતિ અને તાલીમ પામેલા કડિયા અને પ્રેરકની ટુકડી હોવી જોઈએ.

૫.૫ :૪ (ચિત્ર)

ખરીદીની દરેક વસ્તુ માટે ગુણવંતા ધોરણ (ભારતીય ધોરણ વ્યુરો અથવા એમઓડી– ડબલ્યુ એસ–એ અધિસૂચિત કર્યું હોય ત્યાં ) તેને ચુસ્તપણે અનુસરવું.

૫.૫ :૫ જિલ્લા પાસે ઉપલભ્ય ફરતા ફંડમાંથી ગ્રામીણ સ્વચ્છતા માટે ઉત્પાદન કેન્દ્રો સ્થાપવા માટે રૂ.૩.૫ લાખ સુધીની બિન – વ્યાજુકી લોન આપી શકાય. વધારે ગ્રામીણ સ્વચ્છતા માટેની જરૂર હોય ત્યાં રૂ.૩૫ લાખ સુધી અધિકતમ રકમ આ હેતુ માટે ફરતા ફંડમાંથી વાપરી શકાય. ગ્રામીણ સ્વચ્છતા માટે ઉત્પાદન કેન્દ્રો માટેના ફરતા ફંડમાંથી મળેલ લોન તે લોન મળ્યાની તારીખથી એક વર્ષ પછી ૧૨–૧૮ હપ્તામાં વસૂલ કરવામાં આવશે.

<u>૫.૬</u> <u>જિલ્લામાં ફરતા ફંડની જોગવાઈ :</u>

જેમની શાખ – પ્રતિષ્ઠા બંધાઈ હોય તેનાં સભ્યોને સસ્તાં નાણાં પૂરાં પાડવા માટે સહકારી મંડળઓ અથવા સ્વ–સહાય જૂથને ફરતું ફંડ આપી શકાય.આ ફંડમાંથી આપેલી લોન ૧૨–૧૮ હપ્તામાં વસૂલ કરવાની હોય છે. ફરતું ફંડ મંજુર કરવા માટે બીજી શરતો નકકી કરવા નિર્મળ ભારત અભિયાનના પ્રોજેકટોનાં પરિવર્તનશીલતા હોવી જોઈએ.માર્ગદર્શક સૂચનાઓ મુજબ પ્રોત્સાહન માટે આવરી ન લેવાયેલાં ગરીબી રેખા ઉપરનાં કુટુંબને ફરતું ફંડ ઉપલંબ્ધ કરી શકાય. એકીકૃત બાળ વિકાસ યોજનાના અધિકારીઓ મકાન માલિકને અપાતા ભાડામાંથી લોન રિફંડ કરવા કબૂલ થાય એ શરતે બાળકોને અનુકુળ ટોઈલેટના બાંધકામ માટે આંગણવાડી કેન્દ્ર આવેલું હોય તેવા માલિકને પણ લોન આપી શકાય. જિલ્લા પ્રોજેકટની ખર્ચ – જોગવાઈ ૫ % ટકા રૂા. ૫૦ લાખ સુધીની રકમને અધીન રહીને ફરતા ફંડ તરીકે ઉપયોગ કરી શકાય ફરતું ફંડ કેન્દ્ર અને રાજય સરકાર વચ્ચે ૮૦ : ૨૦ ના ધોરણે વહેંચી શકાય છે.

૫.૭ <u>સમુદાય સ્વચ્છતા સંકુલ</u>

૫.૭:૧ સમુદાય સ્વચ્છતા સંકુલ નિર્મળ ભારત અભિયાનનો અંતર્ગત ઘટક છે. આ સંકુલોમાં યોગ્ય સંખ્યામાં ટોઈલેટ બેઠક , સ્નાન માટે ઘમાકાર વસ્તુઓ (Cubicles ), ધોવા માટે પ્લેટફોર્મ, વોશબેઝિન વગેરે વધાને સ્વીકાર્ય અને જઈ શકાય તેવા ગામમાં મૂકી શકાય. સામાન્ય રીતે કુટુંબ ટોઈલેટ બાંધવા માટે ગામમાં જગ્યાની તંગી હોય અને સમુદાય તેની કામગીરી અને નિભાવની જવાબદારી સ્વીકારતો હોય ત્યાં સંકુલ બાંધી શકાય. આખરી ધ્યેય તો અધિકતમ વ્યકિતગત કુટુંબ જાજરૂ બાંધવાનું નિશ્ચિત વ્યકિતગત કુટુંબ જાજરૂ બાંધી કરવાનો છે. ગમે તે કારણોસર સમુદય સંકુલનું બાંધકામ ન શકાય તેમ હોય ત્યાં સમુદાયને " સ્વાસ્થ્ય પ્રથાઓ પણ શીખવશે. આવાં સંકુલનો નિભાવ ઘણો આવશ્યક છે. ગ્રામ પંચાયત તે માટે આખરી જવાબદારી સ્વીકારવી જોઈએ તેને સ્વચ્છ રાખવા અને તેના નિભાવ માટે તેનો ઉપયોગ કરનાર કુટુંબને યોગ્ય માસિક ચાર્જ આપવાનું કરી શકાય. સમૂહિત સ્વચ્છતા સંકુલ રજૂ કરવાની દરખાસ્તને રાષ્ટ્રીય યોજના મંજુરી સમિતિ (NSSC) મંજુર કરશે. આવાં સંકુલ લોકો મોટી સંખ્યામાં એકઠાં થતાં હોય તેવાં જાહેર સ્થળો, બજારો વગેરે જેવાં સ્થળોએ આવાં સંકુલ બનાવી શકાય. સંકુલનો યોગ્ય નિભાવ નિશ્ચિત કરવા માટે યોગ્ય માર્ગદર્શક સૂચનાઓ અપનાવી શકાય.

૫.૭ :૨ સમુદાય સ્વચ્છતા સંકુલ માટે નિયત કરેલુ અધિકતમ એકમ ખર્ચ રૂા.૨ લાખ સુધી છે. કેન્દ્ર સરકાર રાજય સરકાર અને સમુદાય વચ્ચે વહેંચણીનો ગુણોત્તર ૬૦ : ૩૦ : ૧૦ છે. ૧૩ માં નાણાં આયોગની ગ્રાન્ટ અથવા રાજય સરકારે યોગ્ય રીતે પરવાનગી આપેલા બીજા ફંડમાંથી પંચાયત તેનાં પોતાનાં સંસાધનોમાંથી સમુદાય ફાળો આપી શકે.

૫.૮ <u>સંસ્થાકીય ટોઈલેટ :</u>

૫.૮ : ૧ સ્વચ્છતાની યોગ્ય ટેબ અપનાવવા બાળકો માતાપિતા પર સારી અસર કરી શકે બાળકો નવા વિચાર જલદી ગ્રહણ કરે છે. પ્રેરણા અને શિક્ષણ આપીને ખુલ્લામાં જાજરૂ

જવાથી (defecation ) થી જાજરૂના ઉપયોગ માટે બાળકોનાં વર્તન, માનસ અને ટેવમાં પરિવર્તન લાવવા માટે આંગણવાડી યોગ્ય સંસ્થાઓ છે.

શાળામાં ટોઈલેટ :–

(ચિત્ર )

સરકારી શાળાઓમાં તમામા પ્રકારનાં ટોઈલેટ બાંધવા શાળામાં છોકરીઓ માટે ટોઈલેટ બાંધવા પર ભાર મૂકવો ખાસ જરૂરીયાતવાળા બાળકોને ટોઈલેટ વધારાની તક આપવી. ટોઈલેટ એકમ ટોઈલેટ અને ઓછામાં ઓછી બે મૂતરડીનું બનેલું છે.

તમામ સહ શિક્ષણવાળી શાળાઓમાં છોકરીઓ અને છોકરાઓ માટે અલગ ટોઈલેટ એકમ પૂરા પાડવા તેને બે અલગ એકમો તરીકે ગણવા – દરેક એકમ કેન્દ્રીય સહાય માટે હકદાર છે. બાંધવાનાં ટોઈલેટ એકમોની સંખ્યા શાળામાં હાજરી આપતા વિદ્યાર્થીઓની જરૂરીયાતને પહોંચી વળવા પૂરતી હોવી જોઈએ. રાજ્ય / સંઘ પ્રદેશ સરકારો, માતાપિતા– શિક્ષક એસોસીએશન અને પંચાયતો તેમનાં પોતાનાં સ્ત્રોતમાંથી ફાળો આપી શકે.

૫.૮ :૩ શાળાઓમાં સ્વાસ્થ્ય નિર્માણ ઉપરાંત, વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય શિક્ષણનાં બધાં પાસા અંગે શિક્ષણ અપાયએ આવશ્યક છે. આ માટે દરેક શાળામાં ઓછામાં ઓછો એક શિક્ષક સ્વાસ્થ્ય શિક્ષણની તાલીમ મેળવેલો હોવો જોઈએ. તે રસપ્રદ પ્રવૃતિઓ અને સ્વાસ્થ્ય વર્તન પર ભાર મૂકતા સમુદાય પ્રોજેકટ મારફત બાળકોને તાલીમ આપવી જોઈએ. આ હેતુ માટેનું ખર્ચ માહિતી શિક્ષણ અને સંદેશાવ્યવહાર ફંડમાંથી આ પ્રોજેકટ માટે અંકિત કરેલ ફંડમાંથી મેળવવું – જિલ્લા એન પંચાયત અમલ એજન્સીઓએ શિક્ષણ ખાતા અને આરોગ્ય અને બીજા ભાગીદારોના સંકલનમાં રહીને એસએસએચઈ નો ઉદ્દેશ પરિપૂર્ણ કરવા એટલે કે, બધાં બાળકોને સલામત આરોગ્યપ્રદ ભણવાનું વાતાવરણ પૂરું પાડવામાં આવે તે નિશ્ચિત કરવું.

૫.૮: ૪ દરેક એકમ દીઠ કેન્દ્રીય સહાય રૂા. ૩૫,૦૦૦/– (ડુંગરાળ અને દુર્ગમ વિસ્તારોની બાબતમાં રૂા.૩૮,૫૦૦/– ના એકમના ખર્ચ માટે ૭૦ ટકા સુધી મર્યાદિત રહેશે. નિર્મળ ભારત અભિયાન પ્રોજેકટમાં શાળા સ્વચ્છતા માટે નાણાંની જોગવાઈ કેન્દ્ર અને રાજય સરકાર ૭૦ :૩૦ ના ગુણોતરમાં પુરી પાડે છે.

૫.૮ :૫ આંગણવાડી ટોઈલેટ :–

(ચિત્ર)

બાળકોને જીવનના શરૂઆતના તબકકાથી જાજરૂનો ઉપયોગ કરવાની પધ્ધતિ લાવવા માટે, બાળકો તેમજ માતાઓ માટે આંગણવાડીનો વર્તનમાં ફેરફાર લાવવાના પ્લેટફોર્મ તરીકે ઉપયોગ કરવામાં આવે એ આવશ્યક છે. આ માટે દરેક આંગણવાડીને બાળકને અનુકુળ ટોઈલેટ પૂરું પાડવું જોઈએ. ખાનગી સ્થળોમાંથી સંખ્યા બંધ આંગણવાડી કામ કરતી હોવાથી, નીચેનો વ્યૂહુ અપનાવી શકાય :

(ક) સરકારી મકાનોમાં હોય તેવી બધી આંગણવાડીમાં આપેલા નિર્મળ ભારત અભિયાનના ફંડમાંથી બાળકોને અનુકૂળ ટોઈલેટ બંધાવવા ;

(ખ) ખાનગી મકાનોમાં હોય તેવી આંગણવાડીઓમાં મકાનો –માલિકને ડિઝાઈન મુજબ ટોઈલેટ બંધાવવા જણાવવું અને બાંધકામનું ખર્ચ વસૂલ કરવા મકાન માટે વધારે ભાડું ચાર્જ કરવાની તેને છુટ આપવી ;

(ગ) વિકલ્પે, નિર્મળ ભારત અભિયાન હેઠળના ફરતા ફંડ ઘટકમાંથી ટોઈલેટ બધાવવાં અને નિયત મુદતમાં આ ખર્ચ વસૂલ કરવા માલિકને ચૂકવવામાં આવતા માલિક ભાડમાંથી યોગ્ય કપાત થઈ શકે.

૫.૮:૬ ગ્રામીણ વિસ્તારોમાં દરેક આંગણવાડી માટે ટોઈલેટનું એકમ ખર્ચ રૂા. ૮૦૦૦/– (ડુંગરાળ અને દુર્ગમ વિસ્તારો માટે રૂા. ૧૦,૦૦૦/-- ) સુધી રહેશે. ભારતસરકારે આપવાની નાણાંકીય સહાય રૂા.૫૬૦૦ ( ડુંગરાળ અને દુર્ગમ વિસ્તારો માટે રૂા.૭૦૦૦/– ની મર્યાદામાં રહેશે. વધારાનું ખર્ચ રાજય સરકાર, પંચાયતો, ૧૪મુ

નાણાં આયોગ, એમપી લેડ, એમએલએ વેડ, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી વગેરેને પહેંચી વળશે.

૫.૮ : ૭ અપપોષણનો પ્રશ્ન હલ કરવામાં મદદ કરવા વધારે કેન્દ્રીય અપપોષણવાળા ૨૦૦ જિલ્લાઓમાં આંગણવાડી ટોઈલેટના બાંધકામને અગ્રતા આપવાની છે.

૫.૮ :૮ કેન્દ્રની નાણાંકીય સહાયથી બાંધેલાં બંધા સરકારી મકાનોમાં યોજનાના અંતર્ગત ભાગ તરીકે સગવડો હોવી જોઈએ નિર્મળ ભારતનું ધ્યેય સિધ્ધ કરવા અને આવશ્યક ગણવામાં આવે છે.

<u>૫.૯ ધન અને પ્રવાહી બગાડ વ્યવસ્થા :</u>

(ચિત્ર)

૫.૯:૧ નિર્મળ ભારત અભિયાનનો ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોમાં જીવનની સામાન્ય ગુણવત્તામાં સુધારણા લાવવાનો છે. ધન અને પ્રવાહી બગાડ વ્યવસ્થા (SLWM) આ હલ કરવા માટે એક મહત્વનો ઘટક છે. બધી ગ્રામ પંચાયતો ટકાઉ ધન અને પ્રવાહી બગાડ વ્યવસ્થા પ્રોજેકટનો અમલ કરવા બધી ગ્રામ પંચાયતોને કુટુંબોની સંખ્યાના આધારે ગ્રામ પંચાયત માટે આપેલ નાણાકીય સહાયથી દરેક ગ્રામ પંચાયત માટે પ્રોજેકટની રીતે ધન અને પ્રવાહી બગાડ વ્યવસ્થા હાથ ધરવાની છે. આ ઘટક નીચે ખાડા ખાતર, અળસિયાંની ખેતી, સહિયારા અને વ્યકિતગત બાયોગેસ પ્લાન્ટ, ઓછા ખર્ચવાળી ડ્રેનેજ, શોષ ખાડા / નીકો, ગંદા પાણીનો ફરી ઉપયોગ અને કુટુંબના કચરાને એકઠો કરવા, અમલ પાડવા અને નિકાલ માટેની પધ્ધતિ વગેરે હાથ ધરી શકાય. આ પ્રોજેકટને રાજય યોજના મંજુર સમિતિ પાસે મંજુર કરાવવી જોઈએ આવા પ્રોજેકટ વિકસાવવા / કસોટી કરવા / અમલ કરવા માટે ધંધાદારી એજન્સીઓ / બિન – સરકારી સંસ્થા પાસેથી સહાય માંગવી નિર્મળ દરજ્જા માટે લક્ષ્યાંકિ મુકરર કરેલી અને જેમને નિર્મળ ગ્રામ પુરસ્કાર આપવામાં આવ્યા છે. તેવી ગ્રામ પંચાયતોમાં પ્રોજેકટને અગ્રતા આપવામાં આવશે. મહાત્મા ગાંધી ગ્રામીણ

રોજગાર બાંયધરી યોજના જેવી બીજા ગ્રામીણ વિકાસ કાર્યક્રમોમાંથી નાણાંનો મેળ બેસાડીને ઘન અને પ્રવાહી બગાડ વ્યવસ્થાનાં અમલ પણ કરી શકાય.

૫.૯:૨ ઘન અને પ્રવાહી બગાડ વ્યવસ્થાના પ્રોજેકટ માટે નિર્મળ ભારત અભિયાન હેઠળની કુલ સહાય, દરેક ગ્રામ પંચાયતમાં કુટુંબોની કુલ સંખ્યાના આધારે ૧૫૦ સુધીનાં કુટુંબ ધરાવતી ગ્રામ પંચાયત માટે વધુમાં વધુ રૂા.૭ લાખ, ૩૦૦ સુધીનાં કુટુંબ માટે રૂા. ૧૨ લાખ , ૫૦૦ સુધીનાં કુટુંબ માટે રૂા.૧૫ લાખ અને ૫૦૦ કરતાં વધારે કુટુંબ માટે ગ્રામ પંચાયતોને રૂા.૨૦ લાખની અધિકતમ મર્યાદાને આધીન રહીને ગણી કાઢવામા આવશે. નિર્મળ ભારત અભિયાન હેઠળના ઘન અને બગાડની વ્યવસ્થાના પ્રોજેકટ માટે નાણાંની જોગવાઈ કેન્દ્ર અને રાજય સરકાર ૭૦ : ૩૦ ના ગુણોત્તરમાં પૂરી પાડવામાં આવે છે. કોઈ વધારાના ખર્ચની જરૂરીયાત રાજય / ગ્રામ પંચાયતમાંથી મેળવેલાં નાણાંમાંથી પૂરી કરવાની છે.

## ૫.૧૦ નિર્મળ ભારત અભિયાન હેઠળ ઉભી કરેલી સગવડોનો નિભાવ :

૫.૧૦:૧ ઉભી કરેલી સ્વચ્છતા સગવડોનાં યોગ્ય જાળવણી અને નિભાવમાં ખાસ કરીને કુટુંબના બધા સભ્યોને સમુદાયને તાલીમ આપવાનું આવશ્યક છે. સ્વચ્છતા સગવડો કેવી રીતે નિભાવવી તે અંગે સમુદાયની જાગૃતિનો માહિતી શિક્ષણ અને સંદેશાવ્યવહાર પ્રવૃતિઓનો સમાવેશ થાય છે. વ્યકિતગત કુટુંબ ભોગવવું સમુદાય સ્વચ્છતા સંકુલનું નિભાવ ખર્ચ વાપરનારના ચાર્જ જેવા યોગ્ય તંત્ર મારફત પંચાયતી રાજ સંસ્થાઓએ ભોગવવું શાળા/ આંગણવાડી ટોઈલેટના નિભાવ માટે સંબંધિત ખાતાએ પૂરતાં નાણાંની જોગવાઈ કરવી. પંચાયતી રાજ સંસ્થાઓ / જિલ્લાઓને રાજય સરકારે આપેલ બીજા કોઈ યોગ્ય નાણાનો ઉપયોગ કરી શકાય.

## ૫.૧૧ વહીવટી રાજ

વહીવટી ખર્ચમાં, નિર્મળ ભારત અભિયાનના અમલ માટે રોકેલા હંગામી સ્ટાફના વેતન પર ખર્ચેલાં નાણાં, સહાયક સેવાઓ , બળતણનું ખર્ચ, વાહન ભાડે લેવાનું ખર્ચ લેખનસામગ્રી, સુનિયંત્રણ અને નિર્મળ ભારત અભિયાન પ્રોજેકટના

મૂલ્યાકન ખર્ચનો સમાવેશ થાય છે. તેમ છતાં, કોઈ પણ સંજોગોમાં , વધારાની જગ્યાઓ ઉભી કરવામાં નહિ આવે અથવા નિર્મળ ભારત અભિયાન પ્રોજેકટના અમલ માટે કોઈ અલગ વાહન ખરીદવાના નહિ આવે પ્રોજેકટનો ધંધાકીય રીતે અમલ કરવા માટે સંદેશાવ્યવહાર,માનવ સંસાધન વિકાસ, શાળા સ્વચ્છતા અને સ્વાસ્થ્ય શિક્ષણ અને સુનિયંત્રણનાં ક્ષેત્રોમાંથી તજજ્ઞ / સલાહકારને પ્રોજેકટની મુદત માટે ભાડે રાખી શકાય. સલાહકારની ફી વહીવટી ખર્ચમાંથી ચૂકવવામાં આવશે. જિલ્લા દિઠ સહાયક સામગ્રી સાથેનું એક કોમ્પ્યુટર ખરીદવાની છુટ છે.

૫.૧૧ :૨ ખર્ચની નીચેની બાબતો ' વહીવટી ખર્ચ ' નીચે ખાસ કરીને નિસિધ્ધ છે.

(ક) વાહનોની ખરીદી

(ખ) જમીન અને મકાનોની ખરીદી

(ગ) સત્તાવાર મકાનો અને વિશ્રામગૃહનું બાંધકામ ( આમાં નિર્મળ ભારત અભિયાન પ્રોજેકટ માટે જરૂરી ટોઈલેટ બાકત રાખ્યાં છે. )

(ઘ) કચેરીની સાધના સામાગ્રીની ખરીદી

(ચ) કોઈ રાજકીય પક્ષ અને ધાર્મિક સંસ્થાઓ માટે ખર્ચ

(છ) બક્ષિસ અને દાન માટે ખર્ચ

(જ) સેલ ફોનની ખરીદી

(ઝ) વહીવટી ખર્ચને પહોચી વળવા માટે રાજય કક્ષાની સંસ્થાઓમાં નાણાંની તબદીલી.

## (૬) રાષ્ટ્રીય યોજના મંજુર કરનાર સમિતિ :

રાજ્ય યોજના મંજુર કરનાર સમિતિ (SSCC) અને યોગ્ય રીતે મંજુર કરેલ રાજ્ય/ સંઘ પ્રદેશ સરકારોમાંથી મળ્યા પ્રમાણે જિલ્લાઓ માટેની પ્રોજેકટ દરખાસ્તો મંજુર કરવા કે, સુધારવા માટે નિર્દિષ્ટ મુદત માટે નિર્મળ ભારત અભિયાન નીચે રાષ્ટ્રીય યોજના મંજુર કરનાર સમિતી સચવામાં આવશે. રાષ્ટ્રીય યોજના મંજુર કરનાર સમિતિમાં સાત સભ્યો રહેશે. આ સમિતિની રચનામાં નીચેના સભ્યો રહે;

૧ સચિવ પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલય, .. અધ્યક્ષ.

૨ અધિક સચિવ અને નાણાકીય સલાહકાર, પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલય

૩ મંત્રાલયે નોમિનેટ કરેલ ગ્રામીણ સ્વચ્છતાના ક્ષેત્રમાં ચાર બિન – સરકારી નિષ્ણાંત.

૪ રાજ્યના ગ્રામીણ સ્વચ્છતાના પ્રભારી સચિવ, તેમજ દરખાસ્ત વિચારણામાં લેવાની છે.

૫ પ્રારંભિત શિક્ષણ વિભાગના પ્રભારી સંયુકત સચિવ, માનવ સંશાધન વિકાસ મંત્રાલય.

૬ માનવ સંસાધન વિકાસ મંત્રાલય.
રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશનના પ્રભારી સંયુકત સચિવ.

૭ મહિલા અને બાળ વિકાસના પ્રભારી સંયુકત સચિવ.

૮ સ્વચ્છતાના પ્રભારી સંયુકત સચિવ, પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલય......સભ્ય સચિવ.

## (૭) અમલ એજન્સીઓ :

૭.૧ નિર્મળ ભારત અભિયાન અમલ માટે મોટા પાયા પર સામાજિક એકત્રીકરણ અને સુનિયંત્રણ જરૂરી છે. નીચે આપ્યા મુજબ રાજ્ય / જિલ્લા / તાલુકા / ગ્રામ કક્ષાએ ૪ – સ્તરીય અમલ તંત્ર સ્થાપવું જોઈએ.

૭.૨ <u>રાજ્ય પાણી અને સ્વચ્છતા મિશન **(SWSM)**</u>

ગ્રામીણ પીવાનું પાણી પુરુ પાડવું, ગ્રામીણ સ્વચ્છતા શાળાનું શિક્ષણ આરોગ્ય મહિલા અને બાળ વિકાસ પાણીનાં સંસાધનો, કૃષિ અંગે કામગીરી કરતા રાજ્ય

સરકારના વિભાગોમાં સંકલન અને કેન્દ્રીયતા પ્રાપ્ત કરવા અંગેના પગલાં સ્વચ્છતા મિશન રચવું, તે રાજયમાં ગ્રામીણ પાણી પુરવઠા અને સ્વચ્છતા કાર્યક્રમનો અમલ કરવા વિભાગ / બોર્ડ / કોર્પોરેશન / સત્તાતંત્ર / એજન્સીના ઉપક્રમે નોંધાયેલી મંડળી બનશે.

૭.૨: ૨ રાજય પાણી અને સ્વચ્છતા મિશનના વડા તરીકે મુખ્ય સૂચિત / અધિક મુખ્ય સચિવ / વિકાસ કમિશ્નર , જાહેર આરોગ્ય ઈજનેરી વિભાગ (PHED) ગ્રામીણ વિકાસ, પંચાયતી રાજ, નાણાં, આરોગ્ય , શિક્ષણ , મહિલા અને બાળ વિકાસ, જળ સંપતિના સભ્ય તરીકે લેવા. રાજયમાં સ્વચ્છતા / પીવાના પાણીની દેખરેખ રાખવા વિભાગના અગ્ર સચિવ / સચિવ નોડલ સચિવ રહેશે અને તે રાજય પાણી અને સ્વચ્છતાની બધી પ્રવૃતિઅનો માટે અને મિશનની બેઠકો બોલાવવા માટે જવાબદાર રહેશે. સ્વચ્છતા જળ વિજ્ઞાન વિકાસ, વ્યવસ્થા માહિતી પધ્ધતિ, માધ્યમ, બિન – સરકારી સંસ્થાઓના ક્ષેત્રમાં સભ્ય તરીકે કો–ઓપ્ટ કરી શકાય.

૭.૨:૩ રાજય પાણી અને સ્વચ્છતા મિશન રાજયમાં પ્રોજેકટ જિલ્લાઓમાં નિર્મળ ભારત અભિયાનના અમલ પર દેખરેખ રાખશે, લાઈન ખાતા વચ્ચે કેન્દ્રીયતા તંત્ર નિશ્ચિત કરશે. જિલ્લાઓએ કરેલી પ્રગતિ મુજબ દરેક જિલ્લા માટે વાર્ષિક અમલ યોજના તૈયાર કરશે, નિર્દિષ્ટ પ્રોજેકટ જિલ્લા માટે કેન્દ્ર તરફથી ગ્રાન્ટ અંકિત કરી જિલ્લા પાણી અને સ્વચ્છતા મિશનોમાં વહેંચણી કરશે. રાજય યોજના મંજુર કરનાર સમિતિ (SSSC) એ બધા પ્રોજેકટ મંજુર કરવાના રહેશે. આ મિશન ઓછામાં ઓછું છ મહિનામાં એકવાર મળશે.

<u>૭.૩</u> <u>પાણી અને સ્વચ્છતા સહાય સંગઠન **(WSSO)**</u>

રાજય કક્ષાએ માહિતી, શિક્ષણ અને સંદેશાવ્યવહાર માનવ સંસાધન વિકાસ, સુનિયંત્રણ અને મૂલ્યાકંન અંગે કામગીરી કરવાં, રાજય પાણી અને સ્વચ્છતા મિશન (SWSM) નીચે બધાં રાજયોએ પાણી અને સ્વચ્છતા સહાય સંગઠન રચવાનાં રહેશે. પાણી અને સ્વચ્છતા સહાય સંગઠન રાજય માટે સંદેશાવ્યવહાર વ્યૂહની યોજના કરવી અને તેના અસરકારક અમલ માટે તેના પર નિયમિત રીતે સુનિયંત્રણ રાખવું રાજયોમાં

પાણી પુરવઠા અને સ્વચ્છતાની કાગીરી બે જુદા જુદા વિભાગો કરતા હોય ત્યાં સીસીડીયુ ( સ્વચ્છતા ) ને પાણી અને સ્વચ્છતા સહાય સંગઠન સાથે સાંકળવું. તે માટે સંદેશા વ્યવહાર, માનવ સંસાધન વિકાસ, સુનિયંત્રણ અને મૂલ્યાંકન શાળા સ્વચ્છતા અને સ્વાસ્થ્ય શિક્ષણનાં ક્ષેત્રોના સલાહકારોને રોકવા.

૭.૪ <u>જિલ્લા પાણી અને સ્વચ્છતા મિશન ( **DWSM** )</u>

૭.૪ :૧ જિલ્લા પાણી અને સ્વચ્છતા મિશન જિલ્લા કક્ષાએ રચવામાં આવશે. લાઈન ખાતાં તેના અમલમાં ઉદ્દીપક ભૂમિકા ભજવશે.આ મિશનની રચના નીચે મુજબ થશે.

- ❖ જિલ્લા પાણી અને સ્વચ્છતા મિશનના વડા તરીકે જિલ્લા પરીષદના અધ્યક્ષ / જિલ્લા કલેકટર / નાયબ કમિશ્નર રહેશે.
- ❖ જિલ્લા બધા સંસદ સભ્યો / વિધાનસભ્યો અને વિધાન પરીષદના સભ્યો અને જિલ્લા પરીષદના સ્થાયી સમિતીના અધિક્ષ અથવા તેમના પ્રતિનિધિ, શિક્ષણ , આરોગ્ય, પંચાયતી રાજ, સામાજીક કલ્યાણ , એકીકૃત બાળ વિકાસ યોજના, ફેડ, જળસંપતિ, કૃષિ માહિતી અને જન સંપર્કના જિલ્લા અધિકારીઓ તેના સભ્ય તરીકે રહેશે.
- ❖ જિલ્લા પાણી અને સ્વચ્છતા મિશન બિન – સરકારી સંસ્થાઓ મુકરર કરશે અને મિશનમાં સભ્ય તરીકે કો – ઓપ્ટ કરશે.
- ❖ ફેડના કાર્યપાલક ઈજનેર/ જિલ્લા પંચાયતના જિલ્લા ઈજનેર/ રાજય પાણી અને સ્વચ્છતા મિશને મંજુર કરેલા બીજા કોઈ અધિકારી સભ્ય સચિવ રહેશે.
- ❖ મિશન ઓછામાં ઓછા ત્રણ મહિને એકવાર મળશે.

જિલ્લા પાણી અને સ્વચ્છતા મિશને યોગ્ય આઈઈસી વ્યૂહુ અને બીજા લાઈન ખાતા સાથે કેન્દ્રીયતા તંત્ર સાથે જિલ્લા નિર્મળ ભારત અભિયાન પ્રોજેકટનું આયોજન અને અમલ કરવો આ જિલ્લા મિશને નિર્મળ ભારત અભિયાનના ઉદ્દેશ મેળવવા માટે નાણાંનો પ્રવાહ ગ્રામપંચાયતોમાં વાળવો તેને કાર્યક્રમની સમીક્ષા અને સુનિયંત્રણ કરવું, જેથી જિલ્લા વાર્ષિક કાર્યયોજનાના ટકાઉ નિર્મળ ગ્રામ પંચાયતો તરફ લઈ જતા ઉદ્દેશ પ્રાપ્ત કરી શકાય.

## ૭.૫ તાલુકા સંસાધન કેન્દ્રો ( **BRC**)

૭.૫ :૧ ગ્રામ પંચાયતોમાં પાણી પુરવઠા અને સ્વચ્છતાની સ્થિતિ અંગે માર્ગદર્શન, સહાય આપવા અને તેના પર સુનિયંત્રણ માટે ગ્રામીણ પીવાના પાણી અને સ્વચ્છતા સેકટરમાં તાલુકા પંચાયતોની ભૂમિકા મજબૂત બનાવવાની જરૂર છે. ગ્રામ પંચાયત અથવા ગ્રામ પંચાયત જૂથને સહાય પૂરી પાડવા તાલુકા પંચાયત આદર્શ એકમ છે. પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલયે તા.૨૪ મી ઓગસ્ટ ૨૦૧૦ ના પત્ર નં.ડબલ્યુ : ૧૧૦૪૨/૭૨/૨૦૦૯ અન્વયે આપેલી માર્ગદર્શક સૂચનાઓ મુજબ આ ઉદ્દેશ પ્રાપ્ત કરવા તાલુકા સંસાધન કેન્દ્રો સ્થાપવામાં આવશે. તાલુકા સંસાધન કેન્દ્રો , જાગૃતિ નિર્માણ, પ્રેરણા, એકત્રીકરણ, તાલીમ અને ગ્રામીણ સમુદાયના સહકાર, ગ્રામ પંચાયતો , ગ્રામ પાણી અને સ્વચ્છતા સમિતિઓ બાબતમાં મંત્રાલયના કાર્યક્રમોને સતત સમર્થન પૂરૂં પાડશે તાલુકા સંસાધન કેન્દ્રો સોફટવેરની સહાય બાબતમાં જિલ્લા પાણી અને સ્વચ્છતા મિશનની વિસ્તૃત ડિલીવરી બાહુ તરીકે કામ આપશે અને જિલ્લા પાણી અને સ્વચ્છતા મિસન અને ગ્રામ પંચાયતો / ગ્રામ પાણી સ્વચ્છતા સમિતિ/ ગ્રામજનો વચ્ચેની કડી તરીકે કામ કરશે.

૭.૫:૨ સ્વચ્છતાનાં અનેક પાસાં અંગે ગ્રામ સમુદાયમાં તાલુકા સંસાધન કેન્દ્રો સ્વચ્છતાનાં જુદા જુદા પાસાં અંગે ગ્રામ સમુદાયમાં શકિતનિર્માણ અને જાગૃતિ જનમાવવાનું કામ હાથ ધરશે તે નિર્મળ ગ્રામનો દરજ્જો પ્રાપ્ત કરવામાં ટકાવી રાખવામાં અને તેના પર ધન અને પ્રવાહી બગાડની ઓછા ખર્ચવાળી અને અસરકારક વ્યવસ્થા કરવામાં તે ગ્રામ પંચાયતોને મદદ કરશે.

## ૭.૬ ગ્રામ પાણી અને સ્વચ્છતા સમિતિ :

૭.૬ :૧ ગ્રામ પંચાયતોમાં કાર્યક્રમ માટે પ્રેરણા એકત્રીકરણ,અમલ અને દેખરેખ બાબતમાં સહાય પૂરી પાડવા માટે ગ્રામ પાણી અને સ્વચ્છતા સમિતતિ ગ્રામ પંચાયતની પેટા – સમિતિ તરીકે રચવામાં આવશે. આ સમિતિ નિર્મળ ગ્રામના સર્વગ્રાહી અને સંતૃપ્ત અભિગમમાં મહત્વની ભૂમિકા અદા કરશે.

## (૮) પંચાયતી રાજ સંસ્થાઓની ભૂમિકા :

૮.૧ સંવિધાનના ૭૩ મા સુધારા અભિનિયમ ૧૯૯૨ અનુસાર સ્વચ્છતાનો સમાવેશ ૧૧મી અનુસૂચિતમાં થયો છે. તદ્નુસાર નિર્મળ ભારત અભિયાનના અમલમાં ગ્રામ પંચાયતની ભૂમિકા મહવની છે. પંચાયતી રાજ સંસ્થાઓ તમામ કક્ષાએ આ કાર્યક્રમનો અમલ કરશે. તે ટોઈલેટ બાંધવા માટે સામાજીક એકત્રીકરણ કરશે તેમજ બગાડનો સલામત નિકાલ કરીને સ્વચ્છ વાતાવરણને જાળવી રાખશે. પંચાયતી રાજ સંસ્થાઓ આંતર અંગત આઈઈસી અને તાલીમ માટે યોગ્ય બિન – સરકારી સંસ્થાઓ રોકી શકે નિર્મળ ભારત અભિયાન હેઠળ બાંધેલાં સામૂહિક સંકુલનો નિભાવ પંચાયતો / સ્વૈચ્છિક સંગઠનો / ધર્માદા ટ્રસ્ટ કરશે. નિર્મળ ભારત અભિયાન હેઠળ બાંધેલાં સામૂહિક સંકુલ પર્યાવરણીય ઘટકો, ડ્રેનેજ વગેરે તરીકે તેઓ અસ્કમાતના કસ્ટોડિયન તરીકે કામ કરશે. ગ્રામ પંચાયતો પણ ઉત્પાદન કેન્દ્રો / ગ્રામીણ સ્વચ્છતા માર્ટ ખોલી શકશે અને તેની કામગીરી કરી શકશે.

૮.૨ ટોઈલેટના નિયમિત ઉપયોગ, નિભાવ અને તેની કક્ષા ઊંચી લાવવા પ્રોત્સાહન આપવામાં અને સ્વાસ્થ્યના શિક્ષણ માટે આંતર – અંગત સંદેશાવ્યવહારમાં ગ્રામ પંચાયતો મહત્વની ભૂમિકા ભજવી શકે અમલમાં આગળ પડતો ભાગ ભજવતાં પંચાયતો અને બિન – સરકારી સંસ્થાઓએ નિર્મળ ભારત અભિયાનના બધા ઘટકો સાથે સલામતીનાં ધોરણો વિશ્વિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવવાની છે. એટલે કે, પાણીના સ્ત્રોત અને જાજરૂ વચ્ચેના વ્યકિતગત કુટુંબ જાજરૂ શાળા જાજરૂ અને આંગણવાડી ટોઈલેટ અને સમુદાય સ્વચ્છતા સંકુલ વચ્ચે ન્યૂનતમ અંતરને વળગી રહેવું ; ખાડાની ઉંડાઈનું વિનીયમન, પ્રદુષણ અટકાવવા ખાડાનું અસ્તર, ખાડા તૂટી જવા વગેરેનું વિનિયમન. હાથ પંપ / પાણીના સ્ત્રોતની આસપાસનું વાતાવરણ સ્વચ્છ, સુઘડ અને માણસો અને પશુના મળથી મુકત રાખીને તે મહત્વના સ્વાસ્થ્ય વર્તનને લાગુ પડશે. ગ્રામ પંચાયતોએ નિર્મળ ભારત અભિયાન કાર્યક્રમના સુનિયંત્રણમાં હમેશાં ભૂમિકા ભજવવી. તાલુકા કક્ષા અને જિલ્લા બંન્ને કક્ષાની પંચાયતી રાજ સંસ્થાઓએ સંબંધિત

કર્મચારીઓ સાથે નિયમિત રીતે સુનિયંત્રણ કરવું.

## (૯) બિન – સરકારી સંસ્થાઓની ભૂમિકા :

૯.૧ ગ્રામીણ વિસ્તારોમાં નિર્મળ ભારત અભિયાનના અમલમાં બિન – સરકારી સંસ્થાઓની ભૂમિકા મહત્વની છે. તેમને માહિતી શિક્ષણ અને સંદેશાવ્યવહાર પ્રવૃતિઓ અને માગણી ઉભી કરાવી. સ્વચ્છતા વિષયક સગવડોનાં બાંધકામ અને ઉપયોગ તરફ લઈ જતી શકિત– નિર્માણમાં સક્રિય રીતે સંકળાયેલી રહેશે. આધાર રેખા મોજણી અને મહત્વની વર્તન અને સ્વચ્છતા, સ્વાસ્થ્ય, પાણીનો ઉપયોગ, વ્યવસ્થા અને કાર્યરીતી વગેરે અંગેના ખ્યાલ નકકી કરવા ખાસ કરીને પીઆરએ રોકવામાં આવે. બિન – સરકારી સંસ્થાઓ પણ ઉત્પાદન કેન્દ્રો અને ગ્રામીણ સ્વચ્છતા માર્ટ ખોલી શકે અને ચલાવી શકે. બિન – સરકારી સંસ્થાઓની પસંદગી પારદર્શક ધોરણને અનુસરીને કરવી જોઈએ.

## (૧૦) કોર્પોરેટ સંસ્થાઓની ભૂમિકા :

૧૦.૧ કોર્પોરેટની સામાજીક જવાબદારીના આવશ્યક ભાગ તરીકે નિર્મળ ભારત અભિયાનમાં ભાગ લેવા કોર્પોરેટ ગૃહોને પ્રોત્સાહન આપવું જોઈએ. નિરોગી કાર્યકરો તેમના ઉત્પાદનમાં વધુ સારી સેવાઓ આપી શકે તે બાબત તેઓ સમજે છે. તેમની પ્રોડકટ અને સેવાઓના માર્કેટિંગ માટે લોક પ્રિયતા મેળવવાનો પ્રશ્નો અથવા ફકત દરજ્જો સામાજિક કારણ હાથ ધરવા અને લોકો સાથે આંતરક્રિયા વધારાવાનો છે. આમ, નિર્મળ ભારત અભિયાન તેમની કોર્પોરેટ સામાજિક જવાબદારી હલ કરવામાં મદદ કરવા પ્લેટફોર્મ તરીકે કામ આપી શકે.

૧૦.૨ કોર્પોરેટ ગૃહ માહિતી, શિક્ષણ અને સંદેશાવ્યવહાર માનવ સંસાધન વિકાસ અથવા સીધા લક્ષ્યાંકિત હસ્તક્ષેપ મારફત સ્વચ્છતાના પ્રશ્નો હાથ ધરી શકે ;

(ક) પોતાના ગ્રામીણ વિસ્તારના કર્મચારીઓને ઉપયોગ અને નિદર્શન માટે કામના સ્થળે યોગ્ય ગ્રામીણને અનુકૂળ સ્વચ્છતા સગવડો પૂરી પાડવા ;

(ખ) ગ્રામજનોને નિર્મળ ભારત અભિયાન નીચે ઉપલબ્ધ જુદા જુદા પ્રૌદ્યોગિકીના વિકલ્પને ખુલ્લા કરવા નિદર્શન ક્ષેત્રો / ગ્રામીણ સ્વચ્છતા પાર્ક સ્થાપવા ;

(ગ) પ્રદર્શનો / સ્વચ્છતા મેળા યોજના ;

(ઘ) યોગ્ય સ્વચ્છતા અને સ્વાસ્થ્ય અંગે બાળકોને જરૂરી એકસપોઝર પૂરાં પાડવા;

(ચ) યોગ્ય સ્વચ્છતા સામાગ્રીના સ્વરૂપમાં ગ્રામીણ કુટુંબોને વધારાનાં પ્રોત્સાહન પૂરાં પાડવાં અથવા યોગ્ય સ્થાનિક સંસ્થા મારફત ગ્રામજનો માટે સ્વચ્છતા સગવડો ઉભી કરવી;

(છ) બજાર અથવા બીજા જાહેર સ્થળો /કામના સ્થળની આસપાસ સ્વચ્છતા સંકુલ પુરા પાડવાં ;

(જ) અસરકારક ઘન અને પ્રવાહી બગાડની વ્યવસ્થા, પ્રૌદ્યોગિકી અને સંસાધનમાં સહાય કરવી;

(ઝ) સ્વચ્છતા સગવડોના નિભાવ માટે અને / અથવા ઘન અને પ્રવાહી બગાડની વ્યવસ્થાની સંસ્થા માટે તાલીમબંધ માનવશકિત પૂરી પાડવી;

(ટ) ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતા સેવાઓ માટે યોગ્ય સ્થાનિક પ્રૌદ્યોગીકના વિકલ્પો માટે ટેલર સંશોધન કામ હાથ ધરવું ;

(ઠ) સમૂહ માધ્યમ મારફત કાર્યક્રમનો ફેલાવો કરવો;

(ડ) વસવાટ / ગામ / ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ બનાવવા અપનાવી લો;

## (૧૧) પ્રોજેકટની નાણાં – વ્યવસ્થા :

૧૧.૧ નિર્મળ ભારત અભિયાન – ઘટકવાર ફાળવણી અને નાણાં વ્યવસ્થા પધ્ધતિ :

| ક્રમ | ઘટક | નિર્મળ ભારત અભિયાન પ્રોજેકટ ખર્ચ –જોગવાઈની ટકાવારી તરીકે અંકિત કરેલી રકમ | ફાળાનો હિસ્સો (ટકા) | | |
|---|---|---|---|---|---|
| | | | ભારત સરકાર | રાજય | હિતાધિકારી કુટુંબ / સમુદાય |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ક | આઈઈસી–શરૂ કરવાની પ્રવૃતિ – શકિત નિર્માણ | ૧૫.ટકા સુધી | ૮૦% | ૨૦ % | ૦ % |
| ખ | ફરતું ફંડ | ૫ ટકા સુધી | ૮૦% | ૨૦ % | ૦ % |
| ગ | (૧) વ્યકિતગત કુટુંબ જાજરૂ | સંપૂર્ણ આવરી લેવા જરૂરી ખરેખર રકમ | રૂા.૩૨૦૦ (ડુંગરાળ અને દુર્ગમ વિસ્તાર માટે રૂા.૩૭૦૦ | રૂા.૧૪૦૦ | રૂા.૯૦૦ |
| | (૨) સમદાય સ્વચ્છતા સંકુલ | સંપૂર્ણ આવરી લેવા જરૂરી ખરેખર રકમ | ૬૦% | ૩૦ % | ૧૦ % |
| ઘ | શાળા અને આંગણવાડી સ્વચ્છતા સહિત સંસ્થાકીય ટોઈલેટ | સંપૂર્ણ આવરી લેવા જરૂરી ખરેખર રકમ | ૭૦% | ૩૦ % | ૦ % |
| ચ | વહીવટી ખર્ચ | ૪ ટકા સુધી | ૮૦% | ૨૦ % | ૦ % |
| છ | ઘન / પ્રવાહી બગાડ વ્યવસ્થા (મૂડી ખર્ચ) | ઘન/પ્રવાહી બગાડ વ્યવસ્થા પ્રોજેકટ ખર્ચ અનુસાર ખરેખર રકમ મર્યાદાની અંદર પરવાનગી | ૭૦% | ૩૦ % | ૦ % |

## (૧૨) વાર્ષિક અમલ યોજના (AIP)

૧૨.૧ વાર્ષિક અમલ યોજનાનો મુખ્ય ઉદ્દેશ નિર્મળ ગ્રામ બનાવવા માટે કાર્યક્રમને ચોકકસ દિશા પૂરી પાડવાનો છે. નાણાંકીય વર્ષની સરખામણીમાં આયોજીત પ્રવૃતિઓ દરમિયાન ભૌતિક અને નાણાંકીય પ્રગતિ પર માસિક અને ત્રિમાસિક સુનિયંત્રણ માટે આધાર પૂરો પાડવા પણ તે જરૂરી છે. વાર્ષિક અમલ યોજનામાં નીચેનાનો સમાવેશ થશે.

(ક) વાર્ષિક અમલ યોજનાના ઉદ્દેશો સામે અગાઉના વર્ષ દરમિયાન નિર્મળ ભારત અભિયાનના ઉદ્દેશ સિધ્ધ કરવામાં રાજય કરેલી પ્રગતિનો અહેવાલ ;

(ખ) કોઈ તફાવત હોય તો તે માટેનાં કારણો અને ટીકા – ટિપ્પણ ;

(ગ) સૂચિત નાણાંકીય વર્ષ માટે નિર્મળ ભારત અભિયાનના દરેક ઘટક નીચે ભૌતિક અને નાણાકીય અંદાજવાળી પ્રવૃતિઓની યોજના ;

(ઘ) માસિક / ત્રિમાસિક પ્રોયોજત લક્ષ્યાંક ;

(ચ) સફળ વાર્તાઓ, ઉત્તમ પ્રથાઓ, દાખલ કરેલી નવીનતા , પ્રયોજેલી નવી પ્રૌદ્યોગીકીનાં લખાણ ;

૧૨.૨ પ્રોજેકટના ઉદ્દેશ મેળવવા માટે સંતૃપ્ત થનાર ગ્રામ પંચાયતો મુકરર કરીને વાર્ષિક અમલ યોજના તૈયાર કરવી જોઈએ આ ગ્રામ પંચાયતોના નકશા તાલુકા અમલ યોજના અને આગળ જિલ્લા અમલ યોજનામાં એકત્રિત કરવા જોઈએ રાજય પાણી અને સ્વચ્છતા મિશન રાજય અમલ મિશન તરીકે રાજય અમલ યોજનાને યોગ્ય રીતે એકત્રિત કરશે.

૧૨.૩ રાજયો / સંઘ પ્રદેશ વાર્ષિક અમલ યોજના તૈયાર કરી તેને પૂરાં કરવાનાં બાકીનાં કામના આધારે નાણાકીય વર્ષની શરૂઆત પહેલાં આખરી રૂપ આપવા પીવાના પાણીના મંત્રાલયની યોજનાની મંજૂરી સમિતિને મોકલશે.

૧૨.૪ યોજના મંજૂરી સમિતિમાં સૂચિત વાર્ષિક ફેરફાર સાથે કે સીવાય આખરીરૂપ અપાશે. આમ કેન્દ્ર સરકારને મોકલવાનાં નાણાંની નાણાકીય ફાળવણી પર આધારીત રાજયો આખરીરૂપ અપાયેલી વાર્ષિક અમલ યોજના તૈયાર કરશે અને યોજના મંજૂરી સમિતિમાં ચર્ચા માટે એક પખવાડિયાની અંદર કેન્દ્ર સરકારને મોકલશે અને ઓનલાઈન મોનિટરીગ પધ્ધિતિ વેબસાઈટમાં અપલોડ કરવામાં આવશે. યોજના મંજૂરી સમિતિની નાણાકીય વર્ષ માટેની ભલામણો તે નાણાકીય વર્ષ માટે જ કાયદેસર ગણાશે.

૧૨.૫ વર્ષ દરમિયાન / આગમી વર્ષોમાં નિર્મળ બનાવી શકાય તેવી ગ્રામ પંચાયતો મુકરર કરવાના આધારે સર્વગ્રાહી સ્વચ્છતા અને પાણીના આવરણ પર ખાસ ભાર મૂકીને સંતૃપ્તિ અભિગમને અનુસરીને વાર્ષિક અમલ યોજના તૈયાર કરવી. ગ્રામ પંચાયતોની યાદી એવી રીતે તૈયાર કરવી કે, તાલુકા / જિલ્લા ની બધી ગ્રામ પંચાયતોને રાજયને "નિર્મળ " બનાવવા ક્રમશ : આવરી લેવી. વાર્ષિક અમલ યોજનાના અંદાજપત્રમાં નિર્મળ ભારત અભિયાનના ખર્ચના માપદંડને અનુસરવું અને વર્ષ દરમિયાન કેન્દ્રના હિસ્સાની નાણાંકીય માગને પ્રાયોજીત કરવા તેનું સંકલન કરવું.

<u>(૧૩) નાણાં છૂટાં કરવાં</u>

૧૩.૧ કેન્દ્રમાંથી રાજય કક્ષાની અમલ સંસ્થાને નાણાં છુટા કરવાં.

૧૩.૧:૧ નિર્મળ ભારત અભિયાન હેઠળનાં નાણાં રાજય પાણી અને સ્વચ્છતા મિશનને છૂટાં કરવામાં આવશે. આ મિશન કોઈ રાષ્ટ્રીકૃત બેન્ક અથવા સરકારે અધિકૃત કરેલી બેન્કમાં બચત ખાતું ખોલાવશે અને ચલાવશે.તેની મારફત રાજય સરકાનાં નાણાં નિર્મળ ભારત અભિયાનને લગતો કેન્દ્રનો હિસ્સો, રાજયો હિસ્સો હિતાધિકારીનો હિસ્સો અથવા બીજી કોઈ આવક સહિત બધી લેવાડ દેવડ કરવામાં આવશે નિર્મળ ભારત અભિયાનનું બેન્ક ખાતાની વિગતો પીવાના પાણીના મંત્રાલયને મોકલવામાં આવે છે. તેમાં બેન્કનું નામ, આઈ.એફ.એસ.સી. કોડ, માઈકર ખાતા નંબર, ખાતાદારનું નામ વગેરે હોય છે. પીવાના પાણીના મંત્રાલયની પૂર્વ – પરવાનગી સિવાય આ પ્રોજેકટના અમલ દરમિયાના તેમાં કોઈ ફેરફાર કરવો નથી. આ કાર્યક્રમ હેઠળ છૂટા કરેલ નાણાં ભારત સરકાર ધ્વારા નિભાવાતી કેન્દીય આયોજના યોજના

સુનિયંત્રણ પધ્ધતિ (CPSMS) મારફત છૂટાં કરાશે.

૧૩.૧:૨ વાર્ષિક અમલ યોજનાની બેઠકમાં નકકી કર્યા મુજબ રાજયની મંજુર કરેલી માગના આધારે, સંબંધિત રાજય પાણી અને સ્વચ્છતા સમિતિને બે હપ્તામાં નાણાં છૂટા કરવા માટે બધા રાજયોને ફાળવણી, નાણાંની ઉપલંબ્ધતા ગણી કાઢવામાં આવશે. અગાઉના વર્ષ દરમિયાન દ્વિતિય હપ્તો બિનશરતે છૂટો કરવામાં આવ્યો છે. તેવાં રાજયોના બધા કેસમાં તેઓ નાણાકીય વર્ષ દરમિયાન પ્રથમ હપ્તો છૂટો કરવા માટે પાત્ર રહેશે. બીજાં રાજયો ફાળવણીના ફકત ૨૫ ટકા માટે જ પાત્ર રહેશે. બાકીના રકમ / દ્વિતીય હપ્તો છૂટો કરવા માટે અગાઉ છૂટો કરેલી રકમની બધી શરતોનું પરીપૂર્ણ કરવાની રહેશે.

૧૩.૧:૩ વાર્ષિક અમલ યોજનામાં મંજુર કર્યા પ્રમાણે નાણાંનો દ્વિતીય હપ્તો, નીચેની શરતો પરિપૂર્ણ થતાં છૂટો કરવામાં આવશે.

- ❖ રાજય સરકારની ભલામણ તેમજ જિલ્લાવાર ભૌતિક અને નાણાંકીય પ્રગતિ અહેવાલ સાથે રાજય/ સંઘ પ્રદેશની વિશિષ્ટ દરખાસ્ત મળવી;
- ❖ જોડાણ ૧ મુજબ વાર્ષિક કામગીરી અહેવાલ ;
- ❖ વાર્ષિક અમલ યોજનામાં નિર્દિષ્ટ કરેલા લક્ષ્યાંકો સામે માસિક / ત્રિમાસિક પ્રગતિની સિદ્ધિનું પત્રક ;
- ❖ કેન્દ્રનો હિસ્સો છૂટો થવાના પંદર દિવસની અંદર રાજય પાણી અને સ્વચ્છતા મિશનના ખાતામાં પ્રમાણસર હિસ્સો છૂટો કરવાની રાજયની વચનબધ્ધતા ;
- ❖ રાજય પાણી અને સ્વચ્છતા મિશન પાસે ઉપલંબ્ધ નાણાં એટલે કે, ઉઘડતી સિલક, વર્ષ દરમિયાન નિર્મળ ભારત અભિયાન હેઠળ સહાયક ગ્રાન્ટનો પ્રથમ હપ્તા તરીકે છૂટા કરેલાં નાણાં અને તેના પર મળેલ વ્યાજના ૬૦ ટકાનો ઉપયોગ – કેન્દ્રનો હિસ્સો અને રાજયનો હિસ્સો અલગ દર્શાવવો ;
- ❖ જોડાણ ૨ મુજબ અગાઉના નાણાંકીય વર્ષના ઓડિટ કરેલ ખાતાનાં પત્રક રજૂ કરવા ;
- ❖ અગાઉના નાણાંકીય વર્ષ માટે રાજય પાણી સ્વચ્છતા મિશનના સભ્ય – સચિવો યોગ્ય

રીતે સહી કરેલ જોડાણ – ૩ મુજબ નિયત પ્રોફોર્માંમાં કેન્દ્ર અનતે રાજયના હિસ્સામાં ઉપયોગિતા પ્રમાણપત્ર અલગ રજૂ કરવા;

❖ કેન્દ્ર સરકાર વખતોવખત નિર્દિષ્ટ કરેલ તેવી બીજી કોઈ શરત / શરતો ;

૧૩.૧:૪ પ્રથમ હપ્તામાં છૂટા કરલાં નાણાં યોજના મંજૂરી સમિતિમાં મંજૂર કરેલી રકમના ૫૦ ટકા રહેશે. રાજયને ગયા વર્ષે છૂટી કરેલી રકમ ના ૧૦% થી વધારે હોય તે ઉઘડતી સિલકની રકમથી બાદ કરવામાં આવશે.

૧૩.૧:૫ નાણાંકીય વર્ષ દરમિયાન બીજાં છૂટા કરેલા નાણાં ખર્ચની પ્રગતિ, ઉપલભ્ય નાણાં અને મંત્રાલયની જરૂરીયાત મુજબ જરૂરી દસ્તાવેજો રજૂ કરવા પર આધારીત રહેશે.

<u>૧૩.૨</u> <u>રાજય કક્ષામાંથી જિલ્લા કક્ષામાં નાણાં છૂટા કરવાં :</u>

૧૩.૨:૧ રાજયો /સંઘ પ્રદેશો કેન્દ્રીય ગ્રાન્ટ મળ્યાના ૧૫ દિવસની અંદર જિલ્લા અમલ એજન્સી/ એજન્સીઓને સામા સમાન રાજયના હિસ્સા સાથે મળેલી કેન્દ્રીય ગ્રાન્ટ છૂટી કરશે.

૧૩.૨:૨ જિલ્લા અમલ એજન્સી નાણાં મળ્યાનાં ૧૫ દિવસની અંદર ગ્રામ પંચાયતનને ( જે રાજયોમાં ગ્રામ પંચાયતો ન હોય ત્યાં ગ્રામ પાણી અને સ્વચ્છતા સમિતિ ) કામ માટે નાણાંની તબદીલી કરશે.

<u>(૧૪) નિર્મળ ભારત અભિયાન હેઠળ છૂટા કરેલાં નાણા પર મળેલુ વ્યાજ</u>

૧૩.૧ નિર્મળ ભારત અભિયાનના નાણાં (કેન્દ્ર અને રાજય ) બેંકના ખાતામાં રાખવા. કુટુંબ હિતાધિકારીનો ફાળો આ ખાતામાં જમા ન કરાવવો. નિર્મળ ભારત અભિયાનનાં નાણાં પર મળેલું વ્યાજ નિર્મળ ભારત અભિયાનના સંસાધનોનો ભાગ ગણાશે. જિલ્લા અમલ એજન્સીએ નિર્મળ ભારત અભિયાનના નાણાં પર મળેલા વ્યાજનો ઉપયોગ તેમજ પછીના હપ્તા માટેના દાવા/ દાવાઓ સાથે રજૂ કરવાના છે. તે ઉપયોગિતા પ્રમાણપત્રોમાં દર્શાવવું.

(૧૫) નિરીક્ષણ :

રાજય કક્ષા અને જિલ્લા કક્ષાના અધિકારીઓનાં નિયમિત ક્ષેત્ર નિરક્ષણો મારફત સુનિયંત્રણ કાર્યક્રમના અસરકારક અમલ માટે આવશ્યક છે. માપદંડ મુજબ બાંધકામ કરવામાં આવ્યું છે, બાંધકામમાં સમુદાયને સાંકળવામાં આવ્યો છે, જાજરૂ પાણીના સ્ત્રોતને પ્રદૂષિત કરતાં નથી તે તપાસવા અને ખાતરી કરવા નિરીક્ષણ હોવું જોઈએ વળી હિતાઅધિકારીઓની સાચી પસંદગી કરી છે અને બાંધકામ પછી જાજરૂનો યોગ્ય ઉપયોગ થયો છે. તે પણ તપાસવાનું છે આવા નિરીક્ષણમાં ખાતરી થવી જોઈએ કે, સ્વચ્છતા જાજરૂનો બિજા કોઈ હેતુ માટે ઉપયોગ થતો નથી. ગ્રામપંચાયતમાં (ભીત પર પેન્ટીગ કરીને અથવા ખાસ હોર્ડિગથી) નિર્મળ ભારત અભિયાનની માહિતી ગ્રામ પંચાયતને પારદર્શક રીતે દર્શાવી છે કે કેમ ? તે તપાસવા નિરીક્ષણ કરવાનું છે, પ્રોજેકટ અધિકારીઓએ જિલ્લામાં નિષ્ણાતોની ટુકડીની રચના કરવી, તેમણે જુદા જુદા તાલુકાઓમાં વારંવાર અમલની સમીક્ષા કરવી. આવી સમીક્ષા ઓછામાં ઓછુ ત્રણ મહિનામાં એકવાર કરવી જોઈએ. તે જ પ્રમાણે, રાજય સરકારે દરેક જિલ્લામાં સામાજીક રીતે પ્રોજેકટની સમીક્ષા કરવી અને આ હેતુ માટે રાજયમાં ઉપલભ્ય નિષ્ણાંતોની પેનલ રચવી. આ ઉપરાંત, ભારત સરકાર અમલની ગુણવતાંની સમયાંતરે આકારણી કરવા પોતાનાં સમીક્ષા મિશન મોકલશે.

(૧૬) રાજય સમીક્ષા મિસન :

૧૬.૧ નિર્મળ ભારત અભિયાનનું ઉત્થાન ઠીક ઠીક હાથ ધરાયું હોવાથી, રાજય સરકાર કક્ષાએ સમીક્ષા મિશન વ્યવસ્થા ફરજિયાત બનાવાય એ આવશ્યક છે. રાજય સમિક્ષા મિશનના વડા તરીકે રાજય કક્ષાના સંયુકત સચિવ કક્ષાનાં અધિકારી રહેશે, અને તેની સાથે જોડાયેલ ગ્રામીણ વિકાસ, મહિલા અને બાળ વિકાસ, પંચાયતી રાજ, અને માનવ સંસાધન વિકાસ ખાતામાંથી ઓછામાં ઓછા ત્રણ સભ્યો રહેશે. વળી સ્વચ્છતાના ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત સંસ્થાના સ્વતંત્ર પ્રતિનિધિઓ તેમાં રહેશે. જુદા જુદા નિર્મળ ભારત અભિયાન જિલ્લામાં સમયયાતરે સમીક્ષા હાથ ધરવા રાજય કક્ષાએ

નિષ્ણાંતોની પેનલ સ્થાપવાનું જણાવવાર્યું છે. રાજય સમીક્ષા મિશનના અહેવાલ પર આધારીત રાજ્ય સરકારને પછીના હપ્તા છૂટા કરવા માટે સંતોષ થાય તો નાણાં છૂટાં કરવા માટેની દરખાસ્ત ભારત સરકારને મોકલવી. નાણાં છૂટા કરવાની દરખાસ્ત રજૂ કરતી વખતે રાજય સરકાર મિશનનો સુધારેલો અહેવાલની નકલ બીડશે.

<u>(૧૭) સામાજીક ઓડીટ :</u>

૧૭.૧ ભૂમિકા :

મંત્રાલયની વેબસાઈટ (www.ddws.nic.in tsc.nic.in ) કાર્યક્રમ ઘડવા, અમલામાં મુકવા અને તેનું પરીણામ સંબંધમાં સર્વગ્રાહી માહિતી અને ડેટા દર્શાવે છે. સામાજિક સૂચનો અંગેના બીજા કોઈ પ્રસ્તૃત ડેટા તેમજ આ ડેટાનો સામાજીક ઓડીટ માટે ઉપયોગ કરી શકાય.

૧૭.૧ :૨ નિર્મળ ભારત અભિયાન સતત અને સર્વગ્રાહી લોક તકેદારીના સાધન તરીકે " સામજીક ઓડીટને કેન્દ્રીય સ્થાન પૂરું પાડશે. ગ્રામપંચાયતોને દર મહિને ' સ્વચ્છતા દિવસ ' રહેશે. તે ગ્રામ સ્વચ્છતાના સભા સમયાંતરે બોલાવાશે. તે નિર્મળ ભારત અભિયાનના અમલમાં પારદર્શકતા, સહયોગ સલાહ, સંમતિ, જવાબદારી અને ફરીયાદ નિવારણના તત્વો મજબૂત બનાવવાના સાધન તરીકે ઉપયોગમાં લેવામાં આવશે.

૧૭.૨ સ્વચ્છતા દિવસ :

દરેક ગ્રામ પંચાયત નીચેના ઉદ્દેશો સાથે મહિનાના અમુક દિવસની ' સ્વચ્છતા દિવસ ' તરીકે મુકરર કરશે.

- ❖ માહિતી, શિક્ષણ અને સંદેશાવ્યવહાર, માનવ સંસાધન વિકાસ, ઘન અને પ્રવાહી બગાડ વ્યવસ્થા વગેરે નીચે હાથ ધરેલાં કામ અગાઉના મહિનામાં બાંધેલાં ટોઈલેટની સંખ્યામાં કરેલી સિધ્ધ નોંધવી ;
- ❖ સ્વચ્છતા સગવડ માગતી વ્યકિતઓ મુકરર કરવી અને નિર્મળ ભારત અભિયાન હેઠળ હાથ ધરી શકાય તેવાં બીજાં કામ મુકરર કરવાં ;

- ❖ વ્યકિતગત કુટુંબ જાજરૂ , શાળા અને આંગણવાડીનાં ટોઈલેટનાં બાંધકામ અને ગ્રામ પંચાયત, માહિતી શિક્ષણ અને સંદેશાવ્યવહારના બનાવો, લીધેલી તાલીમ માટે માસિક યોજના પ્રાયોજિત કરવી ;
- ❖ વ્યકિતગત કુટુંબ જાજરૂ હેઠળના સ્લિપ બેંક કેસ મુકરર કરવા અને સમગ્ર તથા સમુદાયને ખુલ્લામાં જાજરૂ જવાનો પ્રશ્ન હલ કરવા માટે વ્યૂહ ઘડી કાઢવો ;
- ❖ પ્રોત્સાહતની રકમની વહેંચણી, બાંધકામ, બીજાં કામ અને પ્રવૃતિઓ સહિત અગાઉના મહિનાની જુદી જુદી પ્રવૃતિઓ અંગે કરેલું ખરાઈ કરવાનું ખર્ચ ;
- ❖ કાર્યક્રમ નીચે મુકરર કરવામાં આવે તેવું બીજું કોઈ કામ કરવું ;

૧૭.૨:૨ 'સ્વચ્છતા દિવસ ' ની કાર્યવાહી ખુલ્લા જાહેર સ્થળે થશે તેમાં માહિતી અને વિચાર સક્રિય પણે રજૂ કરવાની પુષ્કળ તક રહેશે.

૧૭.૨:૩ હાથ ધરેલી ભૌતિક અને નાણાંકીય પ્રવૃતિઓને લગતાં દસ્તાવેજ, અગાઉના મહિનાની યોજનાના દસ્તાવેજ અને તેની નીચે કરેલી પ્રગતિના દસ્તાવેજોની ખરાઈરૂપે આ પ્રક્રિયા પ્રોજેકટની લોક તેકેદારીનો ભાગ બનશે.

૧૭.૨:૪ માસિક યોજના હેઠળના ઉદ્દેશોની સિદ્ધિથી વિચલન થવાનાં અનેક કારણો હશે. વિધેયાત્મક અને નકારાત્મક પરીબળોના કારણોની સૂચક યાદી અને તેને હલ કરવાના કે, અટકાવવાનાં શકય સાધનોની પણ સ્વચ્છતા દિવસ અંગે ચર્ચા વિચારણા કરીને ગણી કાઢવામાં આવશે.

## ૧૭.૩ ગ્રામ સ્વચ્છતા સભા **(GSS)**

૧૭.૩:૧ જુદી જુદી માસિક યોજનાઓ નીચે કરેલી પ્રગતિની ફરજિયાત સમીક્ષા હાથ ધરવા અને ગ્રામ પંચાયતમાં યોજાયેલ સ્વચ્છતા દિવસની કાર્યવાહી માટે ગ્રામપંચાયતમાં સેક્રેટરી દર છ મહિને ગામ સ્વચ્છતા સભા તરીકે ગામ સભાની બેઠક બોલાવશે. આ ફોરમમાં ગ્રામપંચાયતનાં સેક્રેટરી તૈયાર કરેલી માહીતી સમુદાય જવાબદાર વ્યકિત ખાસ કરીને શાળાના શિક્ષક/ માજી સૈનિક વાંચી સંભળાવશે.તે જાહેરાતમાં પ્રદર્શિત કરવામાં આવશે. અને લોકોને કર્મચારીઓને પ્રશ્ન પૂછી માહિતી

માંગવાની અને મેળવવાની તક રહેશે. તે નાણાંકીય ખર્ચની ખરાઈ કરશે. હિતાધિકારીઓની યાદી તપાસશે કરેલી પંસદગીમાં દર્શાવેલી અગ્રતાઓની ચર્ચા કરશે. અને કામની ગુણવત્તાનું તેમજ કાર્યક્રમના કર્મચારીઓની સેવાઓનું ઝીણવટ ભર્યું મૂલ્યાંકન કરેશે.

૧૭.૩:૨ ગ્રામ પંચાયતો ખાતરી કરશે કે, જેના નિચેના તૈયારીના કામ ગ્રામ સ્વચ્છતા સભાની તારીખ પહેલાં હાથ ધરવામાં આવ્યા છે.

(૧) ગ્રામ સ્વચ્છતા સભાની તારીખ, સમય, સ્થળ , અને કાર્યસુચિનો વ્યાપક પ્રચાર કરવો, જેથી અધિકતમ લોકલ તેમાં ભાગ લઈ શકે.ગામમાં અને ગ્રામ સભા ભવનમાં નજરે પડે તેવા જાહેર સ્થળોએ નિર્દિષ્ટ વાર્ષિક અનુસૂચિત સાથે ગ્રામ સ્વચ્છતા સભાની તારીખ અગાઉથી જણાવવી.

(૨) જાહેરાતની બંન્ને પરંપરાગત પધ્ધતિનો ઉપયોગ કરો. (જેમ કે, દાંડી પીટીને લોકોને જાણ કરવી.) સંદેશાવ્યવહારના આધુનિક સાધનો (ફરતા લાઉડ સ્પીકર અથવા જાહેર સંબોધન પધ્ધતી મારફત જાહેરાત ) હાથ ધરી શકાય.

(૩) આ ઓડિટ ઝુંબેશ પધ્ધતિથી હાથ ધરો, જેથી જરૂરી દસ્તાવેજો તૈયાર કરવા સહિત સંસ્થાકીય જરૂરીયાતોને પહોંચી વળવા સમગ્ર વહીવટ સાબદું થાય છે.

(૪) ઉપલભ્ય માહિતીનો સારાંશ આગાઉથી તૈયાર કરવા જેથી તે વાધારે સમજાય તેવો બને. આ સારાંશની લોકોને અગાઉથી જાણ હોવી જોઈએ. ગ્રામ સ્વચ્છતા પંચાયત પ્રમુખે અથવા વોર્ડ પંચાયતે બેઠકનું અધ્યક્ષપદ લેવુ નહિ.

(૫) કરેલાં કામની સંપૂર્ણ ફાઈલો કે, તેની નકલો સહીત બધાજ સંબધિત દસ્તાવેજો ગ્રામ સ્વચ્છતા સભાને ઓછામાં ઓછા ૧૫ દિવસ પહેલાં ગ્રામ પંચાયતની કચેરીમાં જોવા માટે મૂકવા. આ સમય દરમિયાન ગ્રામપંચાયતના બધાજ રહેશે. આ દસ્તાવેજો મુકત પણે અને સરળતાથી જોઈ શકવા જોઈએ અને આવા જોવા માટે કોઈ ફી લેવી નહી.આ સમય દરમિયાન દસ્તાવેજોની નકલ માંગણી કરાયાના એક અઠવાડીયા માંગણી કરતાં મુળ કિંમતને પૂરી પાડવી.

(૬) ગ્રામ સ્વચ્છતા સભાના દિવસે મુળ દસ્તાવેજો સુલભ બનાવવા જેથી કોઈપણ માહિતીનો ક્રોસ ચેકિંગ કરી શકાય.

૧૭.૩:૩ ગ્રામ સ્વચ્છતા સભાની કાર્યવાહીનું સંચાલન નીચે મુજબ થવું જોઈએ.

(૧) કાર્યવાહી પારદર્શક રીતે ચલાવવી જેમાં સૌથી ગરીબ અને અત્યંત સીમાંત વ્યકિત પણ ભાગ લઈ શકે અને વિશ્વાસથી અને ભય રાખ્યા સિવાય બોલી શકે. સભામાં હિત ધરાવતાં તત્વો ગોલમાલ ન કરી જાય તેનું ધ્યાન રાખવું. ગ્રામ સ્વચ્છતા સભાનો સમય એવો રાખવો કે, જે બધાજ વર્ગના માનસો અને ખાસ કરીને મહિલાઓ અને સીમાંત વર્ગના માણસો તેમાં હાજર રહી શકે. તેવા અનુકુળ હોય ગ્રામ સ્વચ્છતા સભાએ તેની સભાનાં અધ્યક્ષ અને મંત્રી અવે વ્યકિતની પંસદ કરવા જોઈએ. કે જે પંચાયત કે તેનો અમલ કરે સંસ્થા એટલે કે, ચાલુ કે નિવૃત શાળા શિક્ષક/ માજી સૈનિક / બિન સરકારી સંસ્થાના પ્રતિનિધિ/સીબીઓ, સામાજિક કાર્યકર વગેરેનો ભાગ બનવા ન હોવો જોઈએ બેઠકના અધ્યક્ષ પદે પંચાયતના પ્રમુખ કે વોર્ડ પંચાયતના પ્રમુખ ન જ હોવા જોઈએ.

(૨) માહિતી રજુ કરવા માટે જવાબદાર વ્યકિત કામના અમલમાં રોકાયેલ ન હોવી જોઈએ. દા.ત. તકેદારી તરીકે સમીતીના સભ્યો અથવા શાળાના શિક્ષક અથવા માજી સૈનિકને જરૂરી ફોર્મ મુજબ માહિતી મોટેથી વાંચવા વિચારી શકાય.

(૩) અમલ માટે જવાબદાર બધાજ કર્મચારીઓએ ગ્રામ સ્વચ્છતા સભાના સભ્યોએ પૂછેલા પ્રશ્નોના જવાબ આપવા ગ્રામ સ્વચ્છતા સભામાં હાજર રહેવું

(૪) મતદાન કરીને નિર્ણયો અને ઠરાવ કરવા જોઈએ, પરતું ના મંજુર કરતાં મત નોંધવા જોઈએ.

(૫) ગ્રામ પંચાયતના સેક્રેટરીએ મુકરર કરેલી અમલ એજન્સી બહારની વ્યકિતએ કાર્યનોંધ નોંધવી.કાર્યનોંધ રજિસ્ટાર પર શરૂઆતમાં અને બેઠકના અંતે બધાં ભાગ લેનારે ( કાર્યનોંધ લખાવી પછી) સહી કરવી.

(૬) ફરજીયાત અનુસૂચિત ( નીચે આપેલી ) તેમજ પારદર્શકતા તપાસ યાદી પુરેપુરી વાંચી

જવી.

(૭) કોઈ વાંધા હોય તો નિયત ફોર્મ મુજબ નોંધવાં.

(૮) અગાઉની ગ્રામ સ્વચ્છતા સભાની લગતો પગલાં લીધાનો અહેવાલ દરેક ગ્રામ સ્વચ્છતા સભાની શરૂઆતમાં વાંચી જવો.

(૯) આ ગ્રામ સ્વચ્છતા સભાના અહેવાલ અને કાર્યનોંધ જરૂરી પગલાં લેવાં. એક મહિનાની અંદર જીલ્લા પાણી અને સ્વચ્છતા મિશન / જીલ્લા કલેકટરને મોકલવા.

(૧૦) જિલ્લા પાણી અને સ્વચ્છતા મિશન / જીલ્લા કલેકટર સામાજીક ઓડીટ સમયપત્રક મુજબ સમયસર બોલવવામાં આવે તેની ખાતરી કરવા માટે જવાબદાર છે.

(૧૧) જીલ્લા સંકલનકાર નિયમિત રીતે સમીક્ષા કરશે કે, સામાજીક ઓડીટ થઈ રહી છે.

૧૭.૩:૪ ફરજીયાત અનુસૂચિતમાં નિચેના પ્રશ્નો / બાબતોનો સમાવેશ કરવો :

- ❖ પ્રોજેકટમાં વ્યાખ્યા કરેલા ઉદ્દેશ દરેક કુટુંબ સહિત સમગ્ર ગ્રામ પંચાયતને આવરી લે છે.
- ❖ સ્વચ્છતા માટેની માસિક યોજના પારદર્શક રીતે તૈયાર કરવામાં આવી હતી ?
- ❖ મુકરર હિતાધિકારીએ બાંધકામ અને વ્યકિતગત કુટુંબ જાજરૂના ઉપયોગ અંગે પ્રોત્સાહનની રકમ મળી છે ?
- ❖ મકરર કરેલા હિતાધિકારીઓની યાદી ગ્રામસભામાં ખરાઈ માટે વાંચી જવામાં આવી હતી.
- ❖ સ્વચ્છતા સગવડોની જોગવાઈ માટે ગરીબી રેખા ઉપરના સહીત બાકીના કુટુંબોને આવરી લેવા માટે પ્રયાસ.
- ❖ ખુલ્લામાં જાજરૂ ન જવા (defecation ) નિર્મળ દરજ્જો મેળવવા માટે કાર્યયોજના.

<u>(૧૮) પ્રોજેકટમાં સુધારણા :</u>

૧૮.૧ આધાર રેખા મોજણી કર્યા પછી હાર્ડવેરની જુદી જુદી કક્ષા માટેની ખરેખર જરૂરીયાતમાં ફેરફાર થવાની અપેક્ષા છે, તેનાથી પ્રોજેકટમાં સુધારણા થશે. આ ઉપરાંત, નાણાં – વ્યવસ્થાના માપદંડમાં ફરેફારને કારણે સુધારણા જરૂરી બનશે. નિર્મળ ભારત અભિયાનના પ્રોજેકટમાં સુધારા માગતા દરેક જિલ્લાઓ સુધારેલા

પ્રોજેક્ટ દરખાસ્ત તૈયાર કરવી જોઈએ. પ્રોજેક્ટ દરખાસ્તમાં, આધારા રેખા મોજણી અહેવાલ, જિલ્લાઓ અંગે છેલ્લી વસ્તી– ગણતરી માહિતી અને પ્રોજેક્ટ દરખાસ્તની સુધારણાના સમર્થનમાં સંદર્ભ આપવામાં આવે તેવી બીજી કોઈ મોજણીનો સમાવેશ થાય છે. વસ્તી – ગણતરી માહિતીમાંથી કોઈ વિચલન પ્રોજેક્ટ દરખાસ્તમાં સ્પષ્ટ રીતે સમજાવવું.

૧૮.૨ ગ્રામ પંચાયતમાં વસવાટ/ ગામની સંખ્યા, નિર્મળ ભારત અભિયાન હેઠળની મુકરર કરેલી કક્ષા અંગે દરેક વસવાટમાં કુટુંબોની સંખ્યા અને વસ્તી સહિત ગ્રામપંચાયતવાર માહીતીના આધારે કોઈ પણ પ્રોજેક્ટમાં સુધારણાનો પ્રયત્ન કરવો. જાજરૂ ધરાવતાં કુટુંબ / સંસ્થાઓ, શાળાઓ, આંગણવાડીની સંખ્યા અને દરેક કક્ષામાં બાકીની સંખ્યાનું આવરણ, ગ્રામ પંચાયતના સામાન્ય અર્થતંત્ર, સામાન્ય સામાજીક સંરચના, હોટ ,મેળા અને અન્ય મેળાવડા અને પ્રસંગો વગેરેને આવરી લેવાં.

૧૮.૩ દરખાસ્ત ગ્રામપંચાયતે ઉભી કરવી જોઈએ, તાલુકા કક્ષાએ તેનું સંકલન કરવું અને જિલ્લા પાણી અને સ્વચ્છતા મિસન/સમિતિ આ દરખાસ્તને રાજય પાણી અને સ્વચ્છતા મિશનને મોકલશે. આ મિસન આ બાબતને સંબંધિત મંત્રાલયમાં રાજય સરકારને મોકલશે.

૧૮.૪ દરેક રાજયમાં ગ્રામીણ સ્વચ્છતાના વિષયમાં પર ધ્યાન આપતી સંબંધિત મંત્રાલય રાજય યોજના મંજૂર કરનાર સમિતિ ( SSSC ) મેળવશે. તે સમિતિમાં નીચેના સભ્ય તરીકે હશે સંબંધિત વિભાગના સચિવ કક્ષાના અધિકારી તેના અધ્યક્ષ રહેશે અને નાયબ સચિવના હોદ્દાના અધિકારી/ રાજય સંકલનકાર, પીવાના પાણીના પુરવઠા, શાળા શિક્ષણ, મહિલા અને બાળ વિકાસ, સમુદાય આરોગ્ય ( રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિસન, ગરીબી નિવારણ /રોજગાર કાર્યક્રમો (મનરેગા ) અને બીજી રાષ્ટ્રીય અગ્રગામી કાર્યક્રમ તેના સભ્યો તરીકે રહેશે. સ્વચ્છતાના ક્ષેત્રમાં પ્રતિષ્ઠા મેળવેલને રાજય કો–ઓપ્ટ કરવાનું વિચારી શકે.

૧૮.૫ નિર્મળ ભારત અભિયાન પ્રોજેકટની સુધારણા માટેની દરખાસ્તો સંબંધિત વિભાગ રાજય યોજના મંજૂર કરનાર સમિતિ સમક્ષ મૂકશે. આ સમિતિ તેને મંજુર કરતાં, આ દરખાસ્ત તેમજ આ સમિતિની બેઠકની કાર્યનોંધ સાથે રાજયનો સંબંધિત વિભાગ તેને ભારત સરકારના પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલયને મોકલશે.

૧૮.૬ પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલય પ્રોજેકટની દરખાસ્તની યોગ્ય ચકાસણી કરી તેને બહાલી માટે રાષ્ટ્રીય યોજના મંજુર કરનાર વિચારણા કરીને બેઠકની કાર્યનોંધ મુજબ તે પ્રોજેકટમાં સુધારણા કરાશે.

(૧૯) અહેવાલ :

૧૯.૧ પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલયે નિર્મળ ભારત અભિયાન માટે ઓનલાઈન સુચિયંત્રણ પધ્ધતિ વિકસાવી છે. નિર્મળ ભારત અભિયાનના બંધા પ્રોજેકટ આ ઓનલાઈન સોફટવેલ મારફત ભૌતિક અને નાણાકીય પ્રગતિના અહેવાલ મોકલવાના છે. તેના માટે વાપરનારની ઓળખ અને પાસવર્ડ એમ ઓ.ડી.ડબલ્યુ. એસ – એન આઈસી સેલ જનરેટ કરી મોકલવાના છે. હાર્ડ કોપીમાં પ્રગતિ અહેવાલને પ્રોત્સાહન અપાર્યું નથી. તેમ છતાં, જોડાણ ૧ માં આપ્યા મુજબ વાર્ષિક કામગીરી અહેવાલ પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલયને રજૂ કરવાનો છે.

૧૯.૨ નિર્મળ ભારત અભિયાન પ્રોજેકટનું સુનિયંત્રણ બધી કક્ષાએ કરવાનું છે. તાલુકા પંચાયતી રાજ સંસ્થા અને તાલુકા કક્ષાના કર્મચારીઓએ દરેક ગ્રામ પંચાયતની પ્રગતિની સમીક્ષા કરવી. જિલ્લા પંચાયતના મુખ્ય વહીવટી અધિકારી / જિલ્લા પાણી અને સ્વચ્છતા સમિતિના સચિવે દર મહિને તાલુકા કર્મચારીઓ સાથે પ્રોજેકટની પ્રગતિની સમીક્ષા કરવી. રાજયમાં ગ્રામીણ સ્વચ્છતાના પ્રભારી સચિવે દર ત્રણ મહિને જિલ્લા કર્મચારીઓ સાથે પ્રગતિની સમીક્ષા કરવી.

(૨૦) મૂલ્યાંકન :

૨૦.૧ રાજય / સંઘ પ્રદેશોએ નિર્મળ ભારત અભિયાનના અમલ અંગે સામાયિક મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરવા. પ્રતિષ્ઠિત સંસ્થાઓ અને સંગઠનોએ મૂલ્યાંકન હાથ ધરાવવા. રાજયો / સંઘ પ્રદેશોએ યોજેલા મૂલ્યાંકન અભ્યાસના અહેવાલની નકલો ભારત સરકારને રજૂ કરવી. આ મૂલ્યાંકન અભ્યાસમાં તેમજ ભારત સરકારે અથવા ભારત સરકાર વતી કરેલા સહવર્તી મૂલ્યાંકનમાં કરેલાં અવલોકનોના આધારે રાજયો / સંઘપ્રદેશોએ ઉપાયાત્મક પગલાં લેવાં. આવા અભ્યાસનું ખર્ચ નિર્મળ ભારત અભિયાનના વહીવટી ખર્ચ ખાતે ચાર્જ કરવું.

૨૦.૨ રાજય/ રાજયોનાં નિર્મળ ભારત અભિયાન પ્રોજેકટના જૂથ માટે ભારત સરકાર અમલ પ્રગતિ સમિક્ષા / અભ્યાસ હાથ ધરી શકે/ આયોજન કરી શકે. અધિકારીઓ/ધંધાદારીઓની મોટી એજન્સી ટુકડી વિચારવાના ખાસ મુદ્દાની સમીક્ષા હાથ ધરવા માટે રચવામાં આવશે.

(૨૧) સંશોધન :

૨૧.૧ સ્વચ્છતાના ક્ષેત્રમાં સિધ્ધ રેકર્ડ ધરાવતાં સંશોધન સંસ્થાઓ ,સંગઠનો અને બિન – સરકારી સંસ્થાઓ અને આરોગ્ય, સ્વાસ્થ્ય, પાણી પૂરવઠો અને સ્વચ્છતાને લગતા સંશોધન / અભ્યાસમાં સંકળાયેલા રાષ્ટ્રીય / રાજય કક્ષાની સંસ્થાઓ ગ્રામીણ વિસ્તારોમાં માણસોના મળ અને બગાડના નિકાલ પધ્ધતિઓની હાલની પ્રોદ્યોગિકીનો અભ્યાસ કરવા સામેલ કરવી. સંશોધન/ અભ્યાસના પરીણામો પ્રોદ્યોગિકીમાં સુધારો કર્યો છે અને તેને વધારે પરવડી શકે તેવી અને જુદી જુદી ભૂસ્તર – જળશાસ્ત્ર સ્થિતિની જરૂરીયાતોને અનુકૂળ થવા પર્યાવરણની દ્દષ્ટિએ ટકી શકે તેવું બગાડના નિકાલ માટે લાંબા ગાળાનો ઉકેલને પ્રોત્સાહન આપશે. જાજરૂની ડિઝાઈનનાં સંશોધન / અભ્યાસ, ભૂમિની જુદી જુદી સ્થિતિને અનુકૂળ થવા યોગ્ય પ્રોદ્યોગિકી, ઉચા જળ સ્તરની સ્થિતિ, પૂરુ , પાણીની અછતની સ્થિતિ દરિયાકાઠાં વિસ્તારને અગ્રતા અપાશે ઈકોલોજિકલ સ્વચ્છતા / સ્થળ પર બગાડની વ્યવસ્થાને પ્રક્રિયા ન કરેલ બગાડના ડિસ્ચાર્જ મારફત

મળાશયના પ્રદૂષણ અને બગાડની હેરફેરનું વધારે ખર્ચ નિવારવા પ્રોત્સાહન આપવામાં આવશે. રાજય સરકાર ધ્વારા સ્વયં – પર્યાપ્ત દરખાસ્ત રજૂ કર્યે, રાષ્ટ્રીય યોજના મંજૂર કરનાર સમિતિ સંશોધન પ્રોજેકટ મંજૂર કરે અને ભારત સરકાર તે હેતુ માટે ખાસ અંકિત કરેલા સંશોધન અને વિકાસ ફંડમાંથી નાણાં પૂરાં પાડશે.

(૨૨) વાર્ષિક ઓડિટ :

૨૨.૧ રાજય પાણી અને સ્વચ્છતા મિસન , ભારત સરકારના સામાન્ય નાણાંકીય નિયમો અનુસાર નાણાંકીય વર્ષ પૂરું થયાના છ મહિનાની અંદર કોસ્ટ્ટ્રોલર અને ઓડિટર જનરલે મંજૂર કરેલી પેનલમાંથી પસંદ કરેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે હિસાબ ઓડિટ કર્યા છે. તેની ખાતરી કરશે અને ઓડિટ કરેલા હિસાબ મંત્રાલયને મોકલશે.

(૨૩) પ્રોજેકટ પૂરો થવો :

૨૩.૧ પ્રોજેકટ જિલ્લામાં સંપૂર્ણ પણે પૂરો થતાં, જિલ્લા કક્ષાની અમલ એજન્સી પૂરો થવાનો અહેવાલ તથા હિસાબનાં ઓડિટ કરેલાં પત્રક અને ઉપયોગીતા પ્રમાણપત્ર રાજય સરકાર મારફત ભારત સરકારના પીવાના પાણી અને સ્વચ્છતા મંત્રાલયને મોકલશે.

૨૩.૨ પૂરું થયાનો અહેવાલના સ્વીકાર અથવા અન્યથા ભારત સરકાર, રાજય સરકાર અને જિલ્લા અમલ એજન્સીને જણાવશે. પ્રોજેકટ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન પ્રોજેકટ પૂરો થવામાં ગયેલો સમય દેખીતી રીતે ઝુંબેશના અસરકારક અમલ પર આધાર રાખે છે. તેમ છતાં, પ્રોજેકટ સમયબધ્ધ રીતે પૂરો કરવા તમામ પ્રયત્નો કરવામાં આવશે. ભારત સરકાર યદૃચ્છા પ્રોજેકટ પછીનાં મૂલ્યાંકન હાથ ધરશે. આવાં મૂલ્યાંકન હાથ ધરવા માટે પહેલ કરે અને તે હેતુ માટે ભારત સરકારની મદદ માગી શકે.

# :: જોડાણ ::

| | | |
|---|---|---|
| જોડાણ –૧ | : | વાર્ષિક કામગીરી અહેવાલ. |
| જોડાણ –૨ | : | નિર્મળ ભારત અભિયાન માટે એકત્રીત ઓડિટ અહેવાલ |
| જોડાણ –૩ | : | ઉપયોગીતા પ્રમાણપત્ર |
| જોડાણ –૪ | : | નાણાં છૂટાં કરવા માટે દરખાસ્ત રજૂ કરવા માટેની ચકાસણી યાદી |
| જોડાણ –૫ | : | આધારરેખા મોજણીમાં ગ્રામ પંચાયત તરફથી એકઠી કરવાની જરૂરી માહિતી |
| જોડાણ –૬ | : | ભારત સરકારનાં હુકમો અને જાહેરનામાં |
| જોડાણ –૭ | : | સંદર્ભ માટે ભારત સરકારનાં પ્રકાશનો |

# :: જોડાણ –૧ ::

# નિર્મળ ભારત અભિયાન

## વાર્ષિક કામગીરી અહેવાલ.

તા.૩૧ મી માર્ચ ૨૦ના રોજ પૂરો થતો અહેવાલ રાજ્ય / સંઘપ્રદેશ

(ક) . ભૌતિક કામગીરી ( જિલ્લાવાર સ્થિતિ સામેલ છે.)

| અનું | ઘટક | પ્રોજેક્ટનો હેતુ | સંચિત કામગીરી | ટકાવારી સિદ્ધિ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (૧) | વ્યક્તિગત કુટુંબ જાજરૂ – ગરીબી રેખા નીચે | | | |
| (૨) | વ્યક્તિગત કુટુંબ જાજરૂ – ગરીબી રેખા ઉપર | | | |
| (૩) | સ્વચ્છતા સંકુલ | | | |
| (૪) | શાળાઓ માટે ટોઈલેટ | | | |
| (૫) | બાલવાડી / આંગણવાડી માટે ટોઈલેટ | | | |
| (૬) | ગ્રામીણ સ્વચ્છતા માર્ટ | | | |
| (૭) | ઉત્પાદન કેન્દ્રો | | | |

..................................xxxxxxx..................................

C:\Users\gswan\Desktop\RAJ.docx